
Rs. 5/-

SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ


JUNE '07

રવાપર (કચ્છ)ના પ્રેમી
હરિભક્તોના
અતિ આગ્રહને વશ થઈ કચ્છી
રજવાડી પાઘમાં શોભાયાત્રામાં
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના
અલૌકિક દર્શન






પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



રવાપર (કચ્છ) બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



વેગડવાવ (મૂળી દેશ) બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



રમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મુખ્ય સ્ટેજ પર મંગળદિપ પ્રગટાવતા ના પૂ. મહંત સ્વામી, પૂ.પી.પી.સ્વામી અને વડીલ સંતો અને ભકતો.



વેગડવાવ (મૂળી દેશ) ભાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



રવાપરમાં યજ્ઞવિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને વિદ્વાન પંડિતો સાથે સંત-હરિભક્તો લાભ લઈ રહ્યાં છે.




નારાયણઘાટ મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ની શુભ નિશ્રામાં અધિકમાસ નિમિત્તે રાત્રી પારાયણ કરતા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી અને કથા શ્રવણ કરતા હરિભકતો.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૯ જૂન - ૨૦૦૭



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	"આનંદની હેલી" : ભાભીએ પકડી પાડ્યા	૪
૪.	સાચી સમજણ	૫
૫.	શ્રી મૂળીપુરમાં મહારાજ	૬
૬.	પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની અમેરિકા યાત્રા	૮
૭.	શ્રીનરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર "શ્રી સ્વામિનારાયણ" માસિકની જાળવણી આપણા હિતમાં છે	૧૦
૮.	જાગૃતતાથી એકતા તરફ	૧૨
૯.	સત્સંગ સુરભી : "મહારાજ તમને બોલાવે છે !"	૧૪
૧૦.	સત્સંગ બાલવાટિકા (૧) ભગવાન ભક્તનું ધ્યાન રાખે છે (૨) અજબ રક્ષા અલબેલાની	૧૫
૧૧.	ભક્તિસુધા (૧) સદ્‌ગુણોના સાગર પ્રગટ લક્ષ્મીસ્વરૂપ એવા અમારા બંને ગાદીવાળાશ્રી (૨) તીર્થો મૂર્તિમાન છે ! (૩) ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે (૪) ધર્મકુળની દયાળુતા (૫) બેવડી કંઠી ગળામાં કેમ પહેરવાની (અક્ષરધામની ટીકીટ માટે)	૧૮
૧૨.	પ્રશ્નપેટી	૨૩
૧૩.	સત્સંગ સમાચાર	૨૪

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

તંત્રીની કલમે....

ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એટલે કે પોતાના ઈષ્ટદેવ જેની ઉપાસના ભક્તિ જીવ કરે છે. તેનું સ્વરૂપ જેવું છે તેવું જ્યાં સુધી બરોબર ન જાણે ત્યાં સુધી તેનું કરેલું સર્વ કાર્ય મળીને પણ જીવને મોક્ષ અપાવી શકે નહીં. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ મેળવીને એજ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. એવા શુદ્ધ જ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ નથી એવું વેદ વાક્ય પ્રતિપાદન કરતા કહે છે. "ऋतेज्ञान न मुक्ति" ऋतः જ્ઞાન યથાર્થ સત્યજ્ઞાન આજકાલની જેમ કેવળ શબ્દોથી રૂપાળા જ્ઞાનને મઠારવા માટે આડંબર રચવામાં આવે છે. અને નવા નવા શબ્દો ગોતી કાઢીને તેનો બળજબરીપૂર્વક મચડીને અર્થ કાઢીને જગતના લોકોને ભૂલ ભૂલામણીમાં નાખેલું જ્ઞાન મોક્ષ મેળવવામાં ઉપયોગી થઈ શકતું નથી જ, માટે જ વાચાળ અને ખૂબજ મોટા પ્રમાણમાં રંગીન આધુનિકતા પૂર્વકના છાપેલા સાહિત્યનાં વાચનમાં અતિ સાવધાની રાખીને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રમાણિત કરેલ આપણાં શાસ્ત્રો અને નંદ પંક્તિના પરમહંસોએ સ્વયં રચેલાં શાસ્ત્રો ઉપર જ મોક્ષ અપાવનાર જ્ઞાનનો આધાર રાખી શકાય, અન્યત્ર કેવળ ભ્રમણા પેદા કરે તેવું જ્ઞાન નહીં પણ રૂપાળાં શબ્દોનો આડંબર જ હોય છે. તેથી સાવધાન થઈને ભક્તોએ પોતાનો આત્યંતિક મોક્ષ બગડે નહીં તેનું ખાસ ધ્યાન રાખીને પોતાના ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટેના પ્રયત્નોમાં શ્રધ્ધા ભક્તિ ભાવપૂર્વક લાગી જવું એ જ હિતાવહ છે. અન્યથા જગતમાં આ જીવાત્માને અવળા માર્ગે ચડાવી દેનારાનો તો જાણે રાફડો ફાટ્યો હોય તેમ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે. ક્યાંય શિક્ષણનું નામ વટાવવામાં આવે છે, તો ક્યાંય ધર્માચરણનું આંચળ ઓઢવામાં આવે છે, તો ક્યાંય ભક્તિ વૈરાગ્ય ! જેને જે હાથમાં આવે તેવા સુંદર શબ્દો ગોતીને મૂળ તો ધન સંપત્તિ એકઠી કરવી, મોટા મોટા ટ્રસ્ટો ઉભા કરીને પોતાના ઓરતા પૂરા કરવાનો જ ઈરાદો છે. નામના યશ કીર્તિની ગાથાઓ ગવરાવવી અને લખાવરાવીને છપાવરાવવી ને પૈસા ભેળા કરવા મંડી પડે છે. તેમાં મોક્ષ કે કલ્યાણની તો ક્યાંય વાત જ દેખાતી નથી. આવા બધા જ તત્વોથી ભગવાન સિવાય કોઈ આ જીવને બચાવે તેમ નથી. માટે નિર્ભય થઈને પરમેશ્વરના ચરણે રહીને ભક્તિ કરી લેવી એ જ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે - ૨૦૦૭)

૧. વાવોલ (જી. ગાંધીનગર) ગામે હરિભક્તોને ત્યાં પધરામણીઓ.
પ.ભ. રસિકભાઈ રાવજીભાઈ કાછડીયાને ત્યાં પધરામણી, બાપુગનર.
પ.ભ. ધર્મેશભાઈ શ્યામજીભાઈને ત્યાં પધરામણી, બાપુનગર.

૨. પ.ભ. પ્રવિણભાઈ પી. પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
પ.ભ. ભરતભાઈ વિષ્ણુભાઈ ગોરને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલ પારાયણ પ્રસંગે પધરામણી.

૬. પ.ભ. મિનેષભાઈ પી. પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૮. થી ૧૦. શ્રી ઘનશ્યામનગર (મૂળી દેશ - તા. હળવદ) શ્રી હનુમાનજી મંદિર રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી અને ત્યાંથી ભુજ (કચ્છ) પધરામણી.

૧૨. ભાદરા (હાલાર મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રીહરિ એન્ટરપ્રાઈઝમાં પધરામણી, બાપુનગર.
શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ કથા-પારાયણ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર વેગડવાવ (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ડૉ. ગૌરાંગભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, બોપલ.
પ.ભ. ગોવિંદભાઈ બારસીયાને ત્યાં પધરામણી, બોપલ.
પ.ભ. ખુશાલભાઈ સોમાભાઈ પટેલને ત્યાં પધરામણી, બોપલ.
પ.ભ. નરેશભાઈ નટવરલાલ ભાવસારને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.

૧૬. ઝુલાસણ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ અને મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુળ ધ્રાંગધ્રા યુવા શિબિર પ્રસંગે પધરામણી.

૧૯. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના મુખ્ય યજમાનપદે અધિક જેઠ સુદ-૩ (ત્રીજ) સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો મહાભિષેક વેદવિધિસર પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
શ્રી સ્વામિનારાયણમંદિર મહાદેવનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી નરનારાયણ પેઈન્ટ એન્ડ ટ્રેડર્સમાં પધરામણી, વસ્ત્રાલ રોડ.

૨૦. થી ૨૧. ભુજ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂા. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

"આનંદની હેલી"


ભાભીએ પકડી પાડ્યા

- શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસ (મહુદ્રાવાળા)

(સત્સંગ સાહિત્ય પ્રેમી હરિભક્તોને જણાવવાનું કે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી 'આનંદની હેલી' નવી લેખમાળા શરૂ થાય છે. જેમાં શ્રીહરિના સખાભાવના તથા આનંદ-વિનોદના ચરિત્રોનો સમાવેશ કર્યો છે.)

જગતમાં બે વસ્તુ એવી છે કે જેટલી વહેંચો એટલી વધે. એ કઈ બે વસ્તુ છે જાણો છો ? તો જણાવી દઈએ. એક 'આનંદ' અને બીજું 'જ્ઞાન'.

રમણીય અને દિવ્ય ભૂમિ છપૈયા સ્મરણ કરતાં જ હૃદયમાં આનંદ વ્યાપી જાય. છપૈયા એટલે સાક્ષાત્ અક્ષરધામનો આવિર્ભાવ. રમણીય વૃક્ષ-વનરાજી, મધુર જળથી લહેરાતી તલાવડીઓ અને હરિગુણ ગાતા પક્ષીઓના કલરવથી જ્યાં શોભામાં અભિવૃદ્ધિ થઈ રહી છે. મુક્તો અને દેવો જ્યાં દિવ્ય રૂપે અખંડ આવ-જા કર્યા કરે છે. ઋષિ અને તપસ્વીઓને ગમે એવા અલૌકિક અને ખુશનુમા વાતાવરણમાં જ્યાં સદાય આનંદની હેલીઓ આવ્યા કરે છે. તેવી ભારત વર્ષની પવિત્ર ભૂમિ છપૈયામાં ધર્મ ભક્તિને ઘેર સાક્ષાત્ આનંદકંદ રસેશ્વર માધુરી મૂર્તિ ઘનશ્યામ બિરાજે છે. છપૈયાવાસીઓ કાયમ આનંદમાં તરબોળ રહેતા. છપૈયામાં નારાયણ સરોવરને કિનારે ધર્મ પિતાની ગાયો બંધાતી. મંગળ નામે ગોવાળીયો ગાયની



ચાકરી કરતો અને સાચવતો, અને દરરોજ ગાયોને દોહીને દૂધના દેગડાં ધર્મદેવને ઘેર પહોંચાડી જતો. આમ તો મંગળના કામમાં ખામી નહોતી. પરંતુ ભક્તિમાતાને એકવાર શક પડ્યો કે આ મંગળીયો દૂધમાં ભેળસેળ કરતો લાગે છે. સુવાસીની ભાભીને પણ એવોજ વહેમ પડ્યો. એટલે વાત પાકી થઈ.

હવે શું કરવું ? છેવટે માતાજીએ એના પર નજર રાખવાનું કામ ઘનશ્યામ મહારાજને સોંપ્યું. સરોવરના દક્ષિણ કિનારે ધર્મદેવની ગૌ-શાળા હતી. સાંજ-સવાર ઘનશ્યામની દેખરેખ હેઠળ ગાયો દોહવાય. અને દૂધના પાત્રો ભરાય. એટલે મોટા દેગડામાં ઠલવાય, બધી ગાયો દોવાઈ જાય ત્યારે દૂધના દેગડાં ગોવાળ પાસે ઉપડાવીને પ્રભુ ઘેર આવતા.

ઘનશ્યામને દૂધની જવાબદારી મલી એટલે આનંદ થયો. સારો હોદ્દો મળે તો સેવા કરી લેવી. હોદ્દાનો સદ્ઉપયોગ કરી લેવો. એમ સમજીને પ્રભુએ છપૈયાવાસી બાલમિત્રોને કહ્યું મિત્રો ! આવતી કાલથી તમે લોકો વાટકા લઈને આવજો. પછી તો, નારાયણ સરોવરને કિનારે બાળકોની લાઈન લાગી જતી. દરેક બાલમિત્રો હોંશે હોંશે ગાયનું મધુર દૂધ પીતા. ઘનશ્યામ હોંશિયાર બહુ. દૂધના દેગડાં ક્યારેય અધુરાં રહેવા દેતા નહિ.

હવે દૂધની બાબતમાં ગોવાલ ઉપર શંકા રાખવા જેવું હતું જ નહિ. છતાં દૂધતો એવું ને એવું પાતળું રહ્યું. ભાભી દૂધમાંથી દહીં જમાવતાં તો દહીં પણ બરાબર જામતું નહીં. માખણ પણ પ્રમાણસર ઉતરતું નહિ. ભાભીએ માતાજીને આ હકીકત કહી સંભળાવી. તો માતાજીએ કહ્યું કે એવું બને કે

અનુ. પેઈજ નં. ૭ ઉપર

સાચી સમજણ

- શ્રી ઘનશ્યામભાઈ શકરાભાઈ પટેલ
(નારણપુરા)

આજના કળિયુગમાં સાચા સંત કે મહાપુરુષને ઓળખવા ખૂબજ કઠીન છે. આજના જમાનામાં જે માણસ વાચાળ હોય અને પોતાની વાણીથી સામેનાને પરાસ્ત કરી શકવાની કળા જાણતો હોય તે સહેજે સહેજે પૂજાતો થઈ જાય અને સમાજમાં તેની વાહવાહ થઈ જાય. આજકાલ જુદાં જુદાં ધર્મોમાં વ્યક્તિપૂજા જે ચાલી રહી છે તેનાથી એવું લાગી રહ્યું છે કે માણસની પોતાની બૌધ્ધિક શક્તિનો અંત આવી ગયો છે. પોતાની વાણીથી પ્રભાવિત કરી પોતાની મૂર્તિ પૂજાય તેમાં જ તેઓને રસ હોય છે. કોઈ પણ મહાન પુરુષ હોય પણ તેની ખરી કસોટી તો ત્યારે થાય જ્યારે સ્ત્રી-ધનનાં સંપર્કમાં આવે. આ પરિસ્થિતિમાં જો ચલાયમાન ન થાય તો તે સાચો. બાકી તત્વજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાનની ઓથ લઈ સમગ્ર દુનિયાની પ્રજાને મૂર્ખ બનાવી પોતાને ભગવાન તરીકે પૂજાવુ હોય તો આ કળિયુગમાં સહજતાથી થઈ શકે. માણસ ક્યારેય પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતો નથી. અને બીજાના દોરવાયે દોરવાઈ જાય છે. અને તે પણ ઘેટાની માફક એક ઘેટું ખાડામાં પડે તો પણ આવા લોકો પોતાની સ્વયં બુદ્ધનો ઉપયોગ કરતા નથી અને બધા જ ખાડામાં પડે છે. અને જ્યારે આ જ્ઞાન તેમનામાં આવે છે ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હોય છે.

જો સમય સૂચકતા તથા આત્મચિંતન રાખવામાં આવે તો આપણને કોઈ મૂર્ખ બનાવી જાય નહિ. આટલી સમજણ તો હોવી જ જોઈએ કે એક સામાન્ય માણસ ભગવાન તો હોઈ જ નાં શકે. ભગવાનના લક્ષણો જાણવા જોઈએ. સારો ઉપદેશ તથા આજુબાજુ પોતાના અનુયાયીઓની વણઝાર રાખી પોતાને પૂજ્ય ગણાવી પોતાની જ મૂર્તિ મંદિરમાં પધરાવી પોતાની પૂજા કરાવે તે તો હદ આવી જાય. અને આમાં માનનારા પણ કેટલા મૂર્ખ હોય છે.

જર-જમીન અને જોરૂ આ ત્રણમાંથી જે પર હોય તથા નખશિખ પવિત્ર હોય તો તે મહાન માણસ કહેવાય. બાકી પોતાની જાતને પવિત્ર અને પૂજનીય ગણાવતી વ્યક્તિની બેક સાઈડ જો તપાસવામાં આવે તો ખ્યાલ આવે સાચું શું છે ? બાકી આંધળું અનુકરણ કરી લોલમ લોલ કર્યા કરતા તો માણસના ધર્મ પાળી બેસી રહેવું સારું. ભગવાન તરીકે પૂજાવાના જે માણસ અભરખા રાખે છે તેને તત્કાળ લાભ થાય છે. પણ થોડા જ વર્ષો બાદ તેનો અને તેના ધર્મનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. કારણ કે તેનું આચરણ જ ખોટું હોય છે. આવા ક્યાં સુધી ટકી શકે ? સંત તો તેને કહેવાય કે જેનું આચરણ શુદ્ધ હોય અને ક્યારેય સમાજને અવળા રવાડે ચડાવે નહિ. આવા સંત પણ લાંબા સમયે જો પોતાની જાતને ભગવાન તરીકે ઓળખાવે તો તે પણ ખોટું જ છે અને તેનો પણ વિરોધ કરવો જોઈએ. કોઈ પણ ધર્મમાં માનતા હોઈએ પણ જો ધર્મમાં વ્યક્તિ પૂજા જો થતી હોય તો તેનો તત્કાળ ત્યાગ કરી દેવો જોઈએ. કારણ કે કોઈ માણસ-વ્યક્તિ ભગવાન હોઈ જ ના શકે અને તે સમાજને બનાવવાના જ ધંધા કરતો હોય છે. આનાથી વધુ કંઈ કરી શકવાને સમર્થ હોતા જ નથી. માટે આજના સમયમાં આવા વ્યક્તિપૂજા વાળા સંપ્રદાયોથી દૂર રહેવામાં જ બધાનું ભલું છે.

આપણને તો સાક્ષાત્ સર્વોપરિશ્રી નરનારાયણદેવ અને શ્રીહરિનું જ અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી મળ્યા છે જેથી આપણા જેવા ભાગ્યવાન બીજા કોઈ નથી.

બાળ મંડળ સ્થાપવા અંગે

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઘણા વરસોથી બાળકોને ધાર્મિક શિક્ષણ દ્વારા સત્સંગનું પોષણ કરે છે.

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખાસ આજ્ઞા-આદેશ કરેલ છે કે દરેક શહેર અને ગામોમાં જ્યાં બાળ મંડળો ચાલતા ન હોય ત્યાં બાળ મંડળ સ્થાપવા અને બાળ મંડળ સંચાલકને અમદાવાદ મંદિર તરફથી ધાર્મિક પરીક્ષાના પુસ્તકોનો સેટ આપવામાં આવશે. જેથી આપણા શહેર અને ગામમાં બાળ મંડળ ચાલુ કરીને તેનું લીસ્ટ અત્રે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર મોકલી આપવું.

- આજ્ઞાથી

શ્રી મૂળીપુરમાં મહારાજ

- પટેલ અમૃતલાલ હીરજીભાઇ (લખતર)

એક વખત શ્રીજી મહારાજ હળવદથી ટીકર થઈ મુળીપુરમાં પધાર્યા. નદીમાં ધોળા ખડક પાસે મંદિરની વાડી છે, તેમાં ઓરિયા આગળ એક મોટો લીમડો હતો તે નીચે આવી કરીમ ભક્તે વાળી સાફ કરીને આસન કર્યું, મુળજી બ્રહ્મચારી અને શ્રીહરિ આવ્યા. લીમડા નીચે બિરાજ્યા. તે વખતે ભગવાન સતવારો કોસ હાંકતો હતો. તે દરમ્યાન સતવારાના ગોર વિપ્ર કુબેરજી તથા દયારામ બંને ભાઈ નાહવા આવ્યા હતા. તેમણે મહારાજનાં દર્શન કર્યા અને પાસે બેઠા. શ્રીહરિની મૂર્તિ જોઈ એમ થયું કે આ કોઈ મોટા પુરુષ છે. એમ જાણી મુળજી બ્રહ્મચારીને પૂછ્યું : આ કોણ છે, બ્રહ્મચારી કહે : આ તો સ્વામિનારાયણ ભગવાન છે. એવું સાંભળી ભગવાનના ચરણમાં પડ્યા અને દર્શન કરી મુળજી બ્રહ્મચારીને પૂછ્યું અમે રસોઈનો સામાન લાવીએ ? અમારે રસોઈ કરાવવી છે. બ્રહ્મચારી કહે સારુ લાવો. પછી તેઓ રસોઈનો સામાન લાવ્યા. બંને ભાઈઓએ લાડુ, દાળ, ભાત, પુરી, શાક આદિ રસોઈ તૈયાર થઈ એટલે શ્રીહરિ, મુળજી બ્રહ્મચારી અને કરીમભક્તને જમાડ્યા. જમી રહ્યા બાદ વિપ્રોને કહ્યું હવે તમે જમો. તેઓ જમીને મહારાજ પાસે બેઠા.

તે સમયે તેઓએ શ્રીજીમહારાજના શરીરમાં ઘણું તેજ જોયું તથા અક્ષરધામ જોયું. ત્યાં ઘણા મુક્તો જોયા. ત્યારે વિપ્રે પૂછ્યું આ સર્વે કોણ છે. શ્રીજીમહારાજે કહ્યું આ સર્વ મુક્તો અહીં ધામમાં નિવાસ કરે છે આવી ઘણી વાતો કરી. એમ કરતાં સાંજ પડી. વિપ્ર કહે હવે ગામમાં પધારો. મહારાજ કહે ઉતારો ક્યાં કરીશું ? વિપ્ર કહે આ સામે અલરકની વાડી છે. ત્યાં બંગલો છે. તે એકાંતનું સ્થાન છે. ત્યાં પધારો, મહારાજ ત્યાં પધાર્યા. રાત્રે ઢોલીયો ઢાળી આસન કરી આપ્યું. અને જે જોઈએ તે દરબારમાંથી સરસામાન પહોંચાડ્યો. દરબારમાંથી કહેવડાવ્યું જે મહારાજને પ્રાર્થના કરજો કે સવારે જાય નહિ. અમારી રસોઈ જમ્યા પછી જવાનું રાખે. આ પ્રમાણે પ્રાર્થના કરી એટલે તે દિવસે શ્રીજી મહારાજ રોકાયા. બીજા દિવસે સવારના પહોરમાં વહેલા ઉઠી મહારાજ અલરકવાવના મતવાલા ઉપર સ્નાન કરીને મતવાલા ઉપર પૂજા કરતા હતા. તે વખતે લીમલીના મુળજીશેઠ વાવે નાહવા આવ્યા. તેમણે મહારાજને મતવાલા ઉપર બેઠેલા જોઈ નાહીને મહારાજ પાસે આવ્યા. મહારાજના ચરણારવિંદમાં સોળ ચિન્હ છે અને શાસ્ત્રમાં બત્રીસ કહ્યાં છે. તે કેવા હશે ? તેમ વિચાર કરે છે, ત્યાં બત્રીસ ચિન્હ મુળજીભાઈએ દીઠાં ! પછી વિચાર કર્યો જે ચોસઠ ચિન્હ કહ્યાં છે તે કેવા હશે ? ત્યારે શ્રીજીમહારાજના શરીરમાં ચોસઠ ચિન્હ દીઠાં ! પછી વિચાર થયો જે ચોરાસી ચિન્હ જેનામાં હોય તે પૂર્ણ પુરૂષોત્તમ કહેવાય. આમ વિચાર કરે છે ત્યાં મુળજીભાઈએ ચોરાસી ચિન્હ જોયા. તે જોઈ એમ નિશ્ચય કર્યો જે આ તો અવતારના અવતારી જેને પુરૂષોત્તમ ભગવાન કહે છે. તે આ પોતે જ છે. એવું સમજીને મુળજી બ્રહ્મચારીને પૂછ્યું. આ કોણ છે ? બ્રહ્મચારી કહે : આતો પૂર્ણ પુરૂષોત્તમ સ્વામિનારાયણ ભગવાન છે. એ સાંભળી મહારાજે પૂછયું તમે ક્યાં રહો છો ? મુળજીશેઠ કહે અહીં લીમલી ગામ છે ત્યાં રહીએ છીએ. પછી તેમણે મહારાજનો આશ્રય કર્યો અને એકાંતિક ભક્ત થયા. ત્યારબાદ દરબારમાં જમવા સારુ બોલાવી વિપ્ર પાસે રસોઈ કરાવી મહારાજને જમાડ્યા. પછી મહારાજ બંગલે આવી પોઢી ગયા. સાંજનો સમય થયો તે વખતે દરબાર અને ગરાસિયા બેસવાં આવ્યાં. દરબાર રામાભાઈએ પ્રશ્ન પૂછયો. "ભગવાન કેમ કરીએ તો રાજી થાય ?" શ્રીજી મહારાજ બોલ્યા કોઈ એમ જાણે કે હું ભગવાનને વશ કરુ તેમ તો ભગવાન વશ થતાં નથી. ત્યારે કેમ સમજવું ? પ્રથમ ભગવાનને આપણે વશ થવું. તે કેવી રીતે તો

પોતાની સર્વે ઈન્દ્રિયોં અને અંતઃકરણને ભગવાનના ગમતામાં વર્તાવીએ તો ભગવાન વશ થાય છે. ત્યાં દ્રષ્ટાંત છે. જેમ ચાકર હોય તે રાજાની આજ્ઞા અનુસારે વર્તે ત્યારે રાજા ચાકરને વશ થાય છે. એમ જે હરિભક્ત હોય તે ભગવાનની આજ્ઞા અનુસારે વર્તે ત્યારે ભગવાન ભક્તોને વશ થાય છે. એવી રીતે ઉત્તર કર્યો. આવી ઘણી વાત કરી સર્વે દરબારોને રાજી કરી પોતે શ્રીહરિ વાવમાં નાહવા પધાર્યા. ત્યારબાદ બગીચામાં બેસતાં હતા. તે સમયે પોતાના દર્શને બાઈઓ આવ્યા. અને કહ્યું મહારાજ, રાત્રે દરબારમાંથી જમવાનું આવશે. ઘમડકાવાળા દરબારના માતૃશ્રી બાઈબા અને દરબાર રામાભાઈના ઘરના રૂપાળીબા તથા રાજુબાના દીકરી કેશાબા અને મોંઘીબા આદિક બાઈ ભેગી થઈ મહારાજના થાળ લઈ દર્શન કરવાં આવ્યાં. મહારાજને થાળ જમાડ્યો અને મહારાજની વાર્તા સાંભળી રાજી થઈ હાથ જોડી પ્રાર્થના કરી કહ્યું હે મહારાજ અહીં પંદર માસ રહો. મહારાજે હા પાડી અને કહ્યું : "બહુ સારુ અમે રહીશું." સર્વ બાઈઓ દરબારમાં ગયા અને મુળજીભાઈ, વિપ્ર કુબેરજી દયારામ, રામકૃષ્ણ, પુરૂષોત્તમ તે સર્વ શ્રીહરિની સેવામાં રહેતા હતા. ત્રીજે દિવસે બાઈબા અને રાજુબાએ રસોઈ કરાવી શ્રીહરિને જમવા માટે બોલાવ્યા. મહારાજ જમવા પધાર્યા. મહારાજ અને મુળજી બ્રહ્મચારીને જમાડી બાઈએ મુખવાસ આપ્યો. રાજુબાએ દરબારને થાળ પીરસ્યો. દરબારમાં એક ઓરડો હતો. તેમાં ભૂત ઘણા રહેતા હતા. મહારાજને જોઈ ઓરડામાં ઘણો ધમધમાટ થયો. મહારાજે પૂછ્યું આ શું થાય છે ? ત્યારે દરબાર કહે, ઓરડામાં ભૂતો છે. મહારાજે મુળજી બ્રહ્મચારીને કહ્યું જે બ્રહ્મચારી આ ભૂતોનો મોક્ષ કરો. મુળજી બ્રહ્મચારીએ પાણી લઈ ઓરડામાં છાંટ્યું. ભૂતો રાડો પાડીને મૂર્તિમાન પચ્ચીસ હતા તે સર્વ આવી મહારાજને પગે લાગ્યા. શ્રીજી મહારાજના ચરણનો સ્પર્શ કરી ચર્તુભુજ થઈ શ્રીહરિને પ્રાર્થના કરી સૌને જોતા ગૌલોકમાં જતા હવા. તે જોઈ સૌ વિસ્મય પામ્યા. આવી રીતે શ્રી મૂળીપુરમાં શ્રીજી મહારાજે અનેક લીલા કરી છે.

અનુ. પેઈજ ૪ નું ચાલુ...

"આનંદની હેલી" : ભાભીએ પકડી પાડ્યા

આપણા ઘનશ્યામની નજર ચૂકવીને આ ગોવાળ ભેળસેળ તો નહિ કરતો હોય ને ? ના, માતાજી આ ઘનશ્યામ ક્યાં કોઈનાયથીય છેતરાય એવા છે ? બહું હોંશિયાર છે. ભાભીએ વાત પાકી કરી.

વાત ચાલે છે ત્યાં ઘનશ્યામના મિત્રો હાથમાં વાટકા લઈને ત્યાંથી પસાર થયા. ભાભી પગેરૂ શોધવામાં લાગી ગયા. બાળકો ને ઉભા રાખીને પૂછયું. બેટા ! આ વાટકા લઈને તળાવ ઉપર ગયા હતા ? હા, માતાજી. ઘનશ્યામ ભૈયાએ કહેલું કે જેને ઘેર દૂધ પીવા ન મળતું હોય તેઓએ વાટકા લઈને દૂધ પીવા આવવું. તેથી અમે દરરોજ દૂધ પીવા જાઈએ છીએ અને ઘનશ્યામ વાટકા ભરીને દૂધ પાય છે. મજા પડે છે. પોતે પણ અમારી સાથે પીવે છે. ભાભીએ પૂછ્યું, શું ગોવાળને આ વાતની ખબર નથી ? ના, ઘનશ્યામ ગોવાળની નજર ચુકવીને આ કામ કરે છે. વાત સાંભળીને ભાભીને આશ્ચર્ય થયું. મૂળ તો ઘનશ્યામનો સ્વભાવ દયાળુ છે. એટલે કોઈનું દુઃખ એમનાથી જોવાતું નથી. એટલે જ બાળકોને દૂધ પાઈ દે છે. છતાં આ દૂધના દેગડાં પહેલાના જેટલા જ ભરાઈને આવે છે. એમાં કંઈક રહસ્ય છે. ભાભીએ ફરીથી બાળકોને પૂછ્યું, આ ઘનશ્યામ ભૈયા શું ચમત્કાર કરે છે, જેથી દૂધના દેગડાં અધૂરા જ થતા નથી ? ત્યાં છોકરા બોલ્યા, અરે ! ક્યાંથી અધુરાં થાય ? એમ દૂધ પીને વાટકા ચોખ્ખા કરીને એમાં નારાયણ સરોવરનું પાણી ભરી લાવીએ છીએ. અને ઘનશ્યામ એ પાણી દેગડામાં રેડી દે છે. એટલે દેગડા હતાં એટલાં જ ભરાઈ જાય છે. ખાલી ક્યાંથી રહે ! શું ઘનશ્યામની લીલા છે ?

ત્યાં તો ઘનશ્યામ મહારાજ ગોવાળ પાસે દેગડાં ઉપડાવીને ઘેર આવી પહોંચ્યા. પ્રભુને જોઈને માતાજી તથા ભાભી હસવા માંડ્યા. ભાભીએ તો આવતાં વેંત જ પૂછી નાખ્યું હમણાંથી દૂધ પાતળું કેમ આવે છે ? પ્રભુએ નિર્દોષભાવે જવાબ આપ્યો કે તાજી વીયાએલી ગાયનું દૂધ એવું જ હોય ને ! જવાબ સાંભળીને બધાં ખૂબ હસવા લાગ્યા. આનંદ આનંદ થઈ રહ્યો.

પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની અમેરિકા યાત્રા

- પ્રહલાદભાઈ વિ. પટેલ (કરજીસણવાળા)

ઈષ્ટદેવ સર્વોપરિ સર્વાવતારી અક્ષરધામાધિપતિ પૂર્ણપુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્પર્શથી પાવન અમૂલ્ય પ્રસાદીની વસ્તુઓના દિવ્ય સંગ્રહસ્થાન "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"ના પ્રચારાર્થે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સહિત યુ.એસ.એ.ની ધરતી પર એપ્રિલ-૨૦, ૨૦૦૭ થી મે-૯, ૨૦૦૭ પધારી અનેક હરિભક્તોને તેમના દર્શન, ચરણસ્પર્શ તથા અમૃતવાણીનો અલભ્ય લાભ આપ્યો. ૨૧ દિવસની આ ધર્મયાત્રામાં ઈન્ડિયાથી તેમની સાથે સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, નારણપુરા મંદિરના મહંત સ્વામી તથા હાથીજણ ગુરુકુળ સંચાલક વિદ્વાન કથાકાર શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજી, શિકાગો મંદિરના મહંત શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી તથા પૂજારી સ્વામી તથા શ્રી સંદિપભાઈ ચોક્કસી. અહીંના હરિભક્તોમાં ન્યુજર્શીથી પ્રહલાદભાઈ, ઠાકોરભાઈ, પંકજભાઈ, મહેશભાઈ, વોશિંગ્ટન ડીસીથી કનુભાઈ, બોસ્ટનથી ચંદ્રેશભાઈ, સંજયભાઈ, શિકાગોથી જયંતિભાઈ, ડિટ્રોઈટથી કાંતિભાઈ તથા ઈન્ડિયાથી શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી અરવિંદભાઈ ઠક્કર, કંટકીથી સોમભાઈ વગેરે યાત્રામાં જોડાયા હતા.

યાત્રાની શુભ શરૂઆત થઈ જે.એફ. કેનેડી એરપોર્ટ ઉપર તા. ૨૦, એપ્રિલ, ૨૦૦૭ શુક્રવારે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આગમનથી. ન્યુજર્શી વિહોકન મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી માધવજીવનદાસજી તથા સંતોએ તથા હરિભક્તોએ પુષ્પહારથી સ્વાગત કર્યું. બીજા દિવસે સવારે શનિવારે હરિભક્તો સાથે સેંટલુઈસ પધાર્યા. ત્યાં વિનોદભાઈ, ગજેન્દ્રભાઈ, ભરતભાઈ, રમેશભાઈ તથા અન્ય હરિભક્તોએ ખૂબજ સહકાર આપ્યો. અનેક હરિભક્તોને ઘેર પધરામણી કરી, ઉતારો શ્રી વિનોદભાઈને ઘેર હતો. બીજે દિવસે ત્યાંથી કસાસ થઈ પધરામણી કરતા શ્રી નાથાલાલ પટેલને ત્યાં થાળ જમી હરિભક્તોને રાજી કરી જેફરસન સીટી, ટોપીકા કાંતિભાઈ ડાંગરવાળાને ત્યાં થાળ જમી કરજીસણના શ્રી ઘનશ્યામભાઈ પટેલને ત્યાં રાત્રિ રોકાણ કર્યું. બપોરના થાળ સાંજે ૪-૦૦ વાગે ! છેલ્લી પધરામણી રાત્રે ૨-૦૦ વાગે ! અને સૂવાનો ટાઈમ રાત્રે ત્રણ વાગે મળ્યો. પરંતુ પૂ. મહારાજશ્રી પ્રેમથી હરિભક્તોને રાજી થઈ આશીર્વાદ આપી ખબર અંતર પૂછતા હતા. ત્યાંથી ઘનશ્યામભાઈની ગાડી તથા મોટી વાનમાં લગભગ ૧૭ હરિભક્તો, સંતોના સ્ટાફ સાથે પધરામણી કરતા બપોરે ત્રણ વાગે કોઠાના અનન્ય ભક્ત શ્રી ગોવિંદભાઈના નાનાભાઈ શ્રી બાબુભાઈ પટેલને ઘરે પહોંચી થાળ કર્યો. આરામનો તો સમય જ નહોતો. અનેક હરિભક્તોને ત્યાં પધરામણીનું લીસ્ટ વિશાળ હોઈ સતત દોડધામ કરી સ્કાર્સડેલમાં વડુના શ્રી બળદેવભાઈને ત્યાં રાત્રે થાળ જમી, જીતુભાઈ અમીન વગેરે હરિભક્તોની મોટેલે પધરામણી કરી, તેમને ઘેર પધરામણી કરી રાત્રે અઢી વાગે શ્રી રસિકભાઈ પટેલ ડાંગરવાવાળાની મોટેલે પહોંચ્યા. તેઓશ્રી તો પૂ. મહારાજશ્રીના દર્શન માટે રાહ જોતા એકીટસે બેસી રહ્યા હતા. પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી ગળગળા થઈ ગયા. રાત્રિ મુકામ ત્યાં કરી સવારે વહેલા તૈયાર થઈ ગયા.

એપ્રિલ-૨૪, ૨૦૦૭ મંગળવારે શ્રી બાબુભાઈ, શ્રી બિપીનભાઈ, શ્રી અનીલભાઈ તથા અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી કરતા હેરીસબર્ગ શ્રી નટુભાઈ પટેલ (ડાંગરવા)ને ઘેર પહોંચી તેમના ત્યાં થાળ જમ્યા. તેમના સુપુત્ર ઉત્પલે ખૂબજ સારી સેવા કરી. જમીને તરત જ પધરામણીઓ ચાલુ કરી. સાંજે શ્રી ભરતભાઈ પટેલે (કરજીસણ) લ્યુરાલસીટી, મીસીસીપીમાં હોલમાં સુંદર સભાનું આયોજન કર્યું હતું. સંતોએ પ્રસાદીની વસ્તુઓનું સુંદર માહાત્મ્ય સૌને સમજાવ્યું તથા પ.પૂ.

મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ આપતું પ્રવચન કરી ત્યાં નિત્ય સભાનું આયોજન કરવા સૌને ભલામણ કરી. રાત્રિ રોકાણ શ્રી ભરતભાઈ પટેલને નિવાસ સ્થાને હતું.

એપ્રિલ-૨૫, બુધવારે સવારે શ્રી ભરતભાઈને ત્યાંથી વિદાય લઈ તેમના મોટા ભાઈ શ્રી છોટુભાઈ પટેલને ત્યાં પધરામણી કરી. ડૉ. ભક્તિભાઈના ખૂબજ આગ્રહથી તેમને રાજી કરી આશીર્વાદ આપી બપોરે તેમના સુપુત્ર ભગત શ્રી કૌશિકભાઈને ત્યાં પહોંચી થાળ જમ્યા. પધરામણીઓ સતત ચાલુ રાખી ખૂબજ અંતર કાપી રાત્રે દેઉસણાના શ્રી ઘનશ્યામભાઈને ત્યાં ટેનેસી પહોંચ્યા. નેશવીલથી ઘણા હરિભક્તો ત્યાં દર્શને પધાર્યા હતા. સભા કરી થાળ જમી રાત્રે ફરી સેંટ લુઈસ શ્રી વિનોદભાઈને ત્યાં રાત્રિ રોકાણ કર્યું. ગુરુવારે સવારે ત્યાંથી વિદાય લઈ સતત પધરામણી કરતા બપોરે થાળ જેકશનમાં ભરતભાઈ-જગદીશભાઈ મોખાસણવાળા ત્યાં જમીને પીયોરીયા શ્રી નવીનભાઈને ત્યાં વચ્ચે પધરામણી કરતા રાત્રે આપણા ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. રાત્રે ભોજન જયંતિભાઈને ત્યાં હતું.

શુક્રવારે સવારથી જ શિકાગોમાં પધરામણીઓ ચાલુ થઈ. વીસ વીસ પધરામણી કરી બપોરે થાળ શ્રી વિષ્ણુભાઈ પટેલને ત્યાં જમ્યા. સાંજે પણ સતત પધરામણીઓ કરી રાત્રે મંદિરમાં આરામ કર્યો. શનિવારે અનેક પધરામણીઓ સવારથી જ ચાલુ કરી. વલ્ડકપ મેચમાં જેમ ઝડપી રમત રમાય તેમ હરિભક્તોનો પ્રેમ જોઈ આજે અગિયારસ હોવા છતાં પૂ. મહારાજશ્રી પ્રેમથી ઘરોઘર પધરામણી કરી હરિભક્તો ઉપર રાજી થતા હતા. એક પધરામણી તો રમણભાઈ પટેલને ત્યાં એવી ગોઠવાઈ કે યાદ રહી જશે. બે હરિભક્તો એકજ નામે નજીક નજીક રહેતા હતા. જે હરિભક્તને ઘેર રમણભાઈને ત્યાં પધરામણી હતી તે ઘર આગળ હતું અને વચ્ચે જુનું વિકટરનું ઘર આવતા ત્યાં બીજા રમણભાઈ ક્રિકેટની ફાઈનલ મેચ જોતા હતા. ખબર ન પડી કે ક્યા રમણભાઈને ત્યાં જવાનું છે ! ને પૂ. મહારાજશ્રીએ જ રસ્તો બતાવી દીધો. ઘરનું બારણું ખટખટાવ્યું તો દોડતા રમણભાઈને તેમના ધર્મપત્ની બહાર આવ્યા. બહાર જોયું તો પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ! ભાવ વિભોર થઈ દોડાદોડી કરવા લાગ્યા. મહારાજશ્રી પધાર્યા... મહારાજશ્રી પધાર્યા... ચાદર લાવો, પ્રસાદ લાવો, દીવો કરો, આરતી કરો. સવારના બગાસું ખાતાં જેમ સાકરનો ગાંગડો મુખમાં આવી જાય તેવું તેમને અનાયાસે સુખ મળી ગયું. મહારાજ જેમ કોઈ હરિભક્તને ઘેર અચાનક પધારતા હતા તેમ આકસ્મિક પધરામણી થઈ ગઈ. તે હરિભક્તને આનંદ આનંદ થઈ ગયો. ૨૫૦૧ ડોલર ભેટ ધરીને વલ્ડકપ જીતી ગયા હોય તેવો બંને દંપત્તિને આનંદ થયો. અનેક પધરામણીઓ કરી બપોરે થાળ શ્રી જયંતિભાઈ પટેલ (ડાંગરવા)ને ત્યાં જમ્યા.

સાંજે સુંદર સભા થઈ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સભા સંચાલન કર્યું. શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી તથા શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજીએ પ્રસાદીના મ્યુઝિયમ તથા વસ્તુઓનો મહિમા વર્ણવ્યો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ નાનામાં નાના હરિભક્તોની સેવા સ્વીકારી આ મ્યુઝિયમની સેવા તથા પ્રસાદીના હસ્તાક્ષરનો મહિમા વર્ણવ્યો. અનેક હરિભક્તોએ ફોર્મ ભરી નાની મોટી સેવા નોંધાવી.

રવિવારે અનેક પધરામણીઓ કરી બપોરનો થાળ વડુના શ્રી કિશનભાઈ પટેલને ત્યાં લીધો. સાંજે પણ સતત પધરામણીઓ ચાલુ જ રહી (સાંજના થાળ શ્રી હરિભાઈ કડીવાળાના ત્યાં જમ્યા).

સોમવારે શિકાગોથી પ્રયાણ કરી કાળામજુ શ્રી કનુભાઈ પટેલને ત્યાં સભા કરી, પધરામણીઓ કરી થાળ શ્રી ઈશ્વરભાઈ પટેલ (વડુવાળા)ને ત્યાં જમ્યા. ત્યાંથી સાંજે ડિટ્રોઈટ સ્વામિનારાયણ મંદિરે પહોંચી સભા કરી, પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા.

મંગળવાર, મે-૧ સવારે પધરામણીઓ કરી થાળ ડૉ. અરવિંદભાઈ પટેલ (કરજીસણ)ને ત્યાં લઈ સાંજે સીનસીનાટી જયેશભાઈ પટેલ (ડાંગરવાવાળા)ને ત્યાં પહોંચી થાળ જમ્યા. બીજા દિવસે પધરામણી કરી બપોરે થાળ મહેન્દ્રભાઈ પટેલ (ડાંગરવાવાળા)ને ત્યાં જમ્યા. સાંજે હિંદુ ટેમ્પલમાં સુંદર સભાનું આયોજન કર્યું. સાંજે ડૉ. અમિત તિવારને ત્યાં થાળ જમી રાત્રે નિરવભાઈ કાપડીયા, પંકજભાઈ, જયંતિભાઈની મોટેલે જઈ

અનુ. પેઈજ નં. ૧૧ ઉપર

શ્રીનરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

"શ્રી સ્વામિનારાયણ" માસિકની

જાળવણી આપણા હિતમાં છે

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

આપણા આ મહામૂલા માનવ જીવનમાં લોકો પોતાની અમૂલ્ય ચીજવસ્તુઓ સોના, ચાંદી, ઝવેરાત કે હીરા માણેકને ખૂબજ સાવધાની પૂર્વક જાળવી રાખે છે. બરાબર તેવીજ રીતે પોતાના શોખની વસ્તુઓ સંગીતના સાધનો, સારા પુસ્તકો કે ધર્મગ્રંથો કે પ્રાપ્ત થયેલી અમૂલ્ય ભેટ સોગાદોને પણ લોકો જાળવી રાખે છે.

આપણા સંપ્રદાયનું 'શ્રીસ્વામિનારાયણ' મુખપત્રતો અતિ અમૂલ્ય મુખપત્ર છે. સર્વોપરિ શ્રીજી મહારાજની દિવ્ય અલૌકિક વાણીનો આપણા સંતો-મહંતો, પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય મોટા મહારાજશ્રી, તથા વિદ્વાન લેખકો આપણને પરિચય કરાવતા જ રહે છે. વચનામૃતો પરના વિવેચન, શિક્ષાપત્રીના શ્લોકોના વિવેચન, નંદસંતોના કાવ્યો-લેખોનું અતિ શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય આપણને વાંચવા મળે છે. આ સામગ્રી આપણા જીવાત્માનો ખોરાક છે. સમય મળે વારંવાર વાંચવાથી પ્રત્યેક સમયે નવીન ઉપલબ્ધિ પ્રાપ્ત થયા વિના રહેતી નથી.

કોઈ અસાધારણ ઉદ્વેગ સમયે પણ જો હાથમાં આપણું આ માસિક આવી જાય અને વાંચતા રહીએ તો જીવને અતિશય શાંતિ થઈ જાય. આવા તો અસંખ્યાત હરિભક્તોના અનુભવો છે. સાહિત્યના અનેક પ્રકારો છે. સાત્વિક અને અસાત્વિક સાહિત્ય, શિષ્ટ અને અશિષ્ટ સાહિત્ય, ધાર્મિક અને શૈક્ષણિક સાહિત્ય, સામાજિક અને રાજકિય સાહિત્ય વગેરે. પ્રતિ માસ આપણને 'શ્રી સ્વામિનારાયણ' માસિકમાંથી કેટલો બધો ઉપબોધ પ્રાપ્ત થાય છે ? તેનો નિદિધ્યાસ કરવામાં આવે તો જ આપણને ખબર પડે. સમગ્ર ગત માસ દરમ્યાન જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા થયા હોય તેના ફોટોગ્રાફસ, ભગવાનની મહામૂલી મૂર્તિઓના ફોટો ગ્રાફસ, આચાર્ય મહારાજશ્રીના સભાને સંબોધતા, શોભાયાત્રાના, પધરામણીના, શ્રીહરિની આરતી ઉતારતા કે અભિષેક કરતા ફોટો ગ્રાફસથી જીવને અનેરો આનંદ પ્રાપ્ત થતો રહે છે. આ બધું જ આપણી આધ્યાત્મિક મૂડી છે. ઘેર બેઠાં અનેક સ્થળોએ ઉજવાયેલા આપણા ધાર્મિક ઉત્સવોને આપણે નિહાળી શકીએ છીએ. એ ઘણો મોટો લાભ છે.

આ મુખપત્રના આદ્યસ્થાપક પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. તેઓશ્રીના પ્રવચનો તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રવચનોના કેટલાક અંશો પણ વાંચતાં આપણને અવનવું સુખ પ્રાપ્ત થતું રહે છે. અંકના મુખપૃષ્ઠ પરજ શ્રીજી મહારાજની પ્રતિકૃતિઓ ઉડીને આંખે વળગે છે. શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલા દેવોને અભિષેક કરતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની રમણીય તસવીરો નિત્ય ચિત્ત આકર્ષક બની જાય છે. છેલ્લા પાનાની બન્ને બાજુએ પણ વિવિધ સમૈયાઓની આકર્ષક તસવીરો નિરખતાં તે તરફ મનમાં સદ્‌ભાવ ઉત્પન્ન થયા વિના રહેતો નથી.

પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી નિર્ગુણદાસજી કે જેઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી છે અને આપણા મહામૂલા માસિકના તંત્રીશ્રી છે. તેઓ 'અસ્મદીયમ્' કોલમમાં નિત્ય શ્રીજી મહારાજના દૃષ્ટાંતો અર્પી શીખ આપતા રહે છે. શિક્ષાપત્રી અને વચનામૃતોના સંદર્ભો કે જે અતિ મૂલ્યવાનછે. તેની પણ સરળ ભાષામાં સમજુતી આપતા રહે છે. અસંખ્યાત વિદ્વાન સંતવર્યો અને લેખકોના અમૂલ્ય લેખોની તો વાત જ શી કરવી.

તાજેતરમાં મારા સત્સંગી મિત્રે મને એક આલ્બમ બતાવ્યો. જ્યારથી 'શ્રી

સ્વામિનારાયણ' મુખપત્ર શરૂ થયું છે ત્યારથી માસ-વર્ષ મુજબ તેમાં આવતા તમામ ફોટો ગ્રાફસની જાળવણી તેમણે કરી છે. એટલું જ નહિ. તેમણે વચનામૃતના લેખો, શિક્ષાપત્રી પરના લેખો, પૂ. આચાર્ય મહારાજશ્રી પરના લેખોની વિવિધ ફાઈલ મને બતાવતા કહ્યું કે, "આપણા માસિકને પસ્તીમાં ન અપાય. આમાં તો ભગવાન શ્રીહરિની તથા તેઓશ્રીના અપર સ્વરૂપ પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરો હોય છે તે પૂજનીય છે. તેને ફાડતાં જીવ કેમ ચાલે ? આ માસિકના તમામ અંકો જાળવવા જ જોઈએ. અવાર નવાર આ લેખો વાંચવા જોઈએ. જેથી આપણી ભક્તિ તથા શ્રધ્ધામાં જરૂરથી વધારો થશે. આ માસિકના પાના પડીકા બાંધવામાં કે નાસ્તા ખાવામાં ઉપયોગમાં આવે તે વ્યાજબી નથી જ. આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં તો જ્ઞાનની સરિતા સતત વહેતી જ રહે છે.

હાલ પ્રત્યેક માસિકમાં ભક્તિ સુધા વિભાગમાં પૂજ્ય લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના ઉત્તમોત્તમ પ્રવચનોને આવરી લેવામાં આવે છે. તો બીજી તરફ પૂજ્ય સાંખ્યયોગી બહેનો તથા ગૃહસ્થાશ્રમી બહેનોના લેખો પણ જ્ઞાનપ્રદ હોય છે. તો બીજી તરફ બાળકો માટે જ્યારથી આપણા અંકની શરૂઆત થઈ ત્યારથી આપણા શ્રી નરનારાયણદેવ દેશના મૂર્ધન્ય વિદ્વાન કથાકાર શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા લખાતી સત્સંગ બાલવાટિકાની વાતો બાળકો માટે પ્રેરણારૂપ હોય છે. શાસ્ત્રી ભક્તિનંદનદાસજી પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર)ના શિષ્ય જે પ્રશ્નપેટી રજુ કરે છે તે પણ સુસંસ્કાર અને સત્સંગને અતિશય મજબૂત બનાવે તેવી છે. દેશ-વિદેશમાં સત્સંગમાં શું થયું ? ક્યાં ઉત્સવો ઉજવાયા ? ક્યા સ્થળે સત્સંગિજીવનની પારાયણનો થવા પામી ? ક્યા સ્થળે માગૃતીયજ્ઞ કે વિષ્ણુયાગ યોજાયા ? ક્યાં ગુરુ પૂર્ણિમા ઉજવવામાં આવી ? ક્યા સ્થળે નૂતન મંદિરનું નિર્માણ થયું ? આ સર્વ વિગતો પણ ઉત્સાહ પ્રેરે છે.

સમગ્ર માસ દરમ્યાન પૂ. આચાર્ય મહારાજશ્રીના ભરચક કાર્યક્રમોની તવારીખો જરા ધ્યાન દઈને નિહાળીએ તો તેઓ સત્સંગ અભ્યુધ્યાર્થે કેટલો બધો પરિશ્રમ વેઠી રહ્યા છે. તેનો અવશ્ય ખ્યાલ આવે. માત્ર દેશમાં જ માસ દરમ્યાન હજાર માઈલની મુસાફરી સહેલાઈથી થઈ જતી હશે. પરંતુ આટલી મુસાફરી સહેલી નથી. કઠોર પરિશ્રમથી ભરેલી હોય છે. કોઈ પરિવાર જન પથારીવશ હોય તો તેમની સમક્ષ આપણા માસિકમાંથી લેખો વાંચી તેમને તૃપ્તિ આપી શકાય. વિવિધ લાયબ્રેરીઓને પણ અંકો આપીને લોકભોગ્ય બનાવી શકાય. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આપણું આ 'શ્રી સ્વામિનારાયણ' માસિક એ એક પવિત્ર ગ્રંથ છે. તેવું સમજાશે તો તેને સુંદર રીતે સહેજે જાળવી શકીશું.

અનુ. પેઈજ ૯ નું ચાલુ...

પ.પૂ.ઘ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની અમેરિકા યાત્રા

આરામ કર્યો. બીજે દિવસે જયંતિભાઈ પટેલ (ગુજરાતી સમાજના પ્રમુખ)ને ત્યાં થાળ જમી કોલંબસથી ન્યુજર્શી પધાર્યા.

શનિવાર તા. ૫ મી મે ના રોજ શ્રી પ્રહલાદભાઈ પટેલ (કરજીસણ)ના સુપુત્રી પ્રીતિબેન - દર્પેશકુમાર કનુલાલ પટેલ (રાજપુર)ના લગ્ન પ્રસંગે હોલમાં પૂ. મોટા મહારાજશ્રી, પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા સંતો પધાર્યા. સાંજે પણ એજ રીતે રિસેપ્સનમાં પધારી સુંદર આશીર્વાદ પાઠવ્યા. સૌને દાદા ખાચરની દીકરી પરણાવવાનો અંતરથી આનંદ હતો.

રવિવાર, મે-૫, ૦૭ના રોજ વિહોકન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૦ મો પાટોત્સવ પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાબા તથા સંતોના સાનિધ્યમાં ખૂબ જ ધામધુમથી ઉજવાયો. સાંજે શ્રી પ્રહલાદભાઈની ભાણી ધર્મિષ્ઠા તથા ડૉ. જિગ્નેશ શાહની સગાઈ પ્રસંગે હોલમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

સોમવાર મે-૬, ૦૭ના રોજ બોસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરે પ્રથમવાર પધાર્યા. સાંજે સુંદર સભા થઈ. મ્યુઝિયમની સુંદર સેવા થઈ. મંગળવારે અનેક પધરામણીઓ થઈ. બુધવારે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-હરિભક્તો ને અલૌકિક દિવ્ય સુખ આપી ઈન્ડિયા જવા વિદાય થયા.

પ.પૂ. મોટા મહારાજશ્રીની આ ધર્મયાત્રા ખૂબજ સુંદર રીતે વ્યવસ્થિત સંપૂર્ણ થઈ. જેમાં અનેક હરિભક્તોને દર્શન, ચરણ સ્પર્શ, થાળ, સભાનો લાભ મળ્યો.

જગતનાથી એકતા વરુ

- શાસ્ત્રી અચલપ્રકાશદાસ ગુરુ શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી

આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં લખ્યું છે :

એકાત્મ્યમેવ વિજ્ઞેયં નારાયણમહેશયોઃ

॥૪૭॥

નારાયણ અને શિવજી બન્નેમાં એકાત્મપણું જાણવું. આ શબ્દોમાં જ આખાય વિશ્વને પરસ્પર એકાતના દર્શન થાય છે. એકબીજા નો વિરોધ કરવો એ માનવ સંસ્કૃતિના વિરોધ રૂપ છે. પણ આજનો માણસ જાગતો કેમ નથી એ સમજાતું નથી ? આજે સમાજ ખૂબજ પિડાય છે. દુઃખી થાય છે. અશાંતિ અનુભવે છે. કારણ કે આજના સમાજમાં એકતાનો અભાવ. વ્યક્તિ આજે પોતાના અંગત સ્વાર્થને કારણે એકબીજાનું શોષણ કર્યા જ કરે છે. એનાથી સમાજમાં વેરઝેર બંધાય છે. સાથે સાથે સંસ્કૃતિનો પણ નાશ થતો જાય છે. કોઈનેય પણ ભાવિ પેઢીની ચિંતા નથી. સમાજના મસ્તિક પર આજે અનેકતાવાદની તલવાર કાળનું સ્વરૂપ લઈ બેઠી છે. અને થોડા જ સમયાન્તરમાં શાંતિને હણી લેશે. છતાંય સમાજ કેમ જાગૃત થતો નથી ? સમાજના કલ્યાણ માટે બલિદાન તો આપવાજ પડશે. એ ચાહે સમયનું બલિદાન હોય કે શરીરનું પણ આપવું તો પડશે જ.

આપણા ભારત દેશની સંસ્કૃતિ અને આજ સંસ્કૃતિના વિકાસ માટે ઋષિમુનિઓએ, સમાજ સેવકોએ જે મહેનત કરી એને શું આપણે વ્યર્થ સાબિત કરીશું. ભગવાન પણ આજ ભૂમિ પર જન્મયા છે. છતાંય આટલી ચિંતા અને અશાંતિ આપણો દેશ, આપણો સમાજ જ કેમ અનુભવે છે એનું એક માત્ર કારણ હોય તો સમાજ સંગઠન ને છોડી સ્વાર્થ તરફ વળ્યો છે. આપણને જો આટલું સહન કરવું પડે છે તો આપણી ભાવિ પેઢીનું શું થશે ? આપણા જ સ્નેહીઓ પર કેવા પ્રહારો થશે આનો હજુ સુધી મેં અને તમે વિચાર કર્યો નથી. જગતનું સંચાલન કરી રહ્યો છે તેના મનમાં આવા ભેદભાવ નથી તો આાપણું માનસ આવું કેમ ?

"જાત નહિ જગદીશકું
હરિજનકું ક્યાં હોય
જાત ભાત કુલ કોચ મેં
ડુબ મરો મત કોય"

પરમાત્માને ત્યાં કોઈપણ પ્રકારની વિષમતાં નથી. રામ-રહિમ એક છે. કાશી-કાબા એક છે તો આ સંસ્કૃતિના માનવોના વિચારો કેમ એક નથી. પરમાત્માએ લડાઈ-ઝઘડા કે સ્વાર્થને સિધ્ધ કરવા આમ જનતાનું શોષણ કરવા આ મનુષ્ય દેહ નથી આપ્યો. આ દેહથી એકતાનું બીજ રોપી અવિનાશીને પ્રાપ્ત કરી શકાય પણ આ સમાજને કદાચ અવિનાશીની નહીં પણ અલ્પિત સુખોની તૃષ્ણા વધુ હોય એમ લાગે છે. આજે વ્યક્તિ પોતાની ફરજ ભૂલી ગયો છે. અવકાશની અંદર હજારો તારા હળીમળીને રહેવા તૈયાર છે. સમુદ્રની અંદર પ્રત્યેક જીવજંતુ હળી મળીને રહેવા તૈયાર છે. ભારત દેશની તમામ નદીઓ સાગરમાં રહેવા તૈયાર છે. તો ભારત દેશનો પ્રત્યેક માનવી-માનવીનાં હૃદયમાં રહેવા તૈયાર કેમ નથી ?

વ્યક્તિ-વ્યક્તિનાં સંબંધો દૃઢ બનાવવા માટે સભાઓ મિટિંગો રાખવામાં આવે છે. પણ એ સભાઓ કે મિટિંગો પણ માત્ર શબ્દોના જ બાણ ફેંકાય છે. થોડા સમય માટે ત્યાં સાચી માનવતાનાં કદાચ દર્શન થતા હશે. પરંતુ પછી એવા ને એવા. આવી સભાઓ કરી ધનનો વ્યય શા માટે ? ગરીબોને ભોજન કરાવો. એમાંજ સાચી માનવતા છે. જ્યાં સુધી કુટુંબ, સમાજ કે સંપ્રદાયમાં જાગૃતતા નહીં આવે ત્યાં સુધી એકતાના અભાવથી સમાજ પીડિત જ રહેશે.

પણ આજે.....

"કિસ રાવણ કી બાહે કાટું
કિસ લંકા મેં આગ લગાવું
ઘર-ઘર રાવણ ઘર-ઘર લંકા
ઈસમે રામ કહાંસે લાવુ."

રામાયણની અંદર મા સીતાનું અપહરણ કરતા રાવણ એક જ હતો માટે ફક્ત એક જ રામની જરૂરિયાત હતી. પણ આજે તો ઘર-ઘર રાવણ

એટલે પ્રત્યેક વ્યક્તિને રામ બનવું પડશે. અને લંકાને બાળવા પણ દરેકે હનુમાન બનવું પડશે. તો આજે પણ એ રામરાજ્ય શક્ય છે.

સમાજનું યુવાધન આજે ફેશનને વ્યશનમાં જીવનને બરબાદ કરી રહ્યાં છે. આવા યુવાનોમાં યોગ્ય વિચારો સ્થાપિત થાય એ માટે યોગ્ય સમય તટસ્થ માર્ગદર્શન આપવું જોઈએ. સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિની નિંદા કરવી, શોષણ કરવું, ષડયંત્ર રચવું બદનામ કરવા, એમના દોષ જોવા શું એ જાગૃતતા છે ? સમાજ ત્યારે જ જાગૃત થશે જ્યારે પોતે-પોતાના દોષોનું નિવારણ કરશે. વ્યક્તિએ પહેલાં સ્વયંને સુધારવાની જરૂર છે.

આજે સમાજ, કુટુંબ કે સંપ્રદાયમાં પ્રોત્સાહન આપવાને બદલે એથી ઉલટું એના પગ કાપી નાખવામાં આવે છે. માનસિક રીતે વ્યક્તિને પાંગડો, લંગડો બનાવી દેવામાં આવે છે. યોગ્ય વ્યક્તિને યોગ્ય ધોરણે સ્થાપિત કરવામાં નથી આવતાં. બાળકને બાળક સમજીને ન ચાલવું જોઈએ. બાળકમાં પણ શક્તિ અપાર હોય છે.

દ્રષ્ટાંત :

પંડિતજી- એક છોકરાને કહ્યું તું મારો શિષ્ય બની જા હું તને સ્વર્ગનું રાજ્ય આપીશ.

છોકરો- પંડિતજી એમ કરો તમે મારા શિષ્ય બની જાઓ હું તમને દિલ્લીનું રાજ્ય આપીશ.

પંડિતજી- શું દિલ્લી તારા બાપનું છે ?

છોકરો- તો શું સ્વર્ગ તમારા બાપનું છે?

શક્તિ દરેકની અંદર છે પણ વડીલોએ પ્રેરણા આપવાની જરૂર છે. કોઈપણ ક્ષેત્રનો વિકાસ કરવો હોય તો તે ક્ષેત્રમાં વ્યક્તિએ વિશાળ મનના બનવું પડશે, કેટલીક બાંધછોડ રાખવી પડશે, હૃદયની વિશાળતા, સહિષ્ણુતા, ધૈર્ય, સમાનતાં, માનવતાં, અને તેની સાથે ઉચ્ચ વિચારોનું સંયોજન અત્યંત આવશ્યક છે. આટલું હશે તો જરૂર પ્રગતિ થશે આજે સામાજીક અને આધ્યાત્મિક વિકાસ માટે પ્રયાસો કરવા છતાંય સફળતા નથી. કારણ નીતિ અને ન્યાયનું ધોરણ ૧૦% છે. સાચો ન્યાય ન મળવાથી વ્યક્તિ પોતાના સંતુલનને ગુમાવી દે છે.

જાગૃતતા જ સુખી અને શાંતિમય જીવનનું બીજ છે.

જાણવા જોગ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તેવી પરંપરા ચાલી આવે છે. તે પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે સાવધાન રહેવું.

શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ ની આજ્ઞા પ્રમાણે દરેક આશ્રિત ગૃહસ્થ ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે આવકમાંથી દશમો ભાગ (૧૦%) અથવા વીસમો ભાગ (૫%) ભગવાનને અર્પણ કરવો. અર્થાત્ પોતાના ધંધામાં ભગવાનને પાર્ટનર માનીને તેમનો ભાગ રાખવાથી ભગવાનનું નસીબ ધંધામાં કમાણી કરી આપે છે. ધર્માદો વર્ષમાં બે વખત ચોખે ચોખો ભગવાન શ્રીહરિએ સ્થાપેલા મહામંદિરોમાં અર્પણ કરી દેવો. ઉત્તરાયણ અને નૂતન વર્ષના દિવસોમાં નિષ્ઠાવાળા ભક્તો અવશ્ય ધર્માદો અર્પણ કરે છે. તેમાં સૌ ભક્તોએ પોતાનું નામ અવશ્ય લખાવી દેવું.

આજ્ઞાથી

લી. મહંત સ્વામી

જાદુઈ ગુટિકા :

"મહારાજ તમને બોલાવે છે !"

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

વડોદરાના નાથ ભક્ત મહારાજના અતિશય મહિમાવાળા. તેમને ઘેર શાકભાજીનું વાવેતર હતું એજ એમનો ધંધો, વાવેતરમાંથી થોડુંક કમાય અને બે પૈસા ભેગા થાય કે ઉપડે મહારાજનાં દર્શન કરવા. બધી કમાણી મહારાજ, સંતો અને મંદિરની સેવામાં આપી દે.

એકવાર તેઓ મહારાજનાં દર્શન કરવા ગઢડા ગયા હતા. દર્શન કર્યા બે-ચાર દિવસ રહ્યા ને પછી મહારાજની રજા લઈ ઘેર આવવા નીકળ્યા.

કાઠું શરીર અને ઘેર જવાની ઉતાવળ એટલે નાથ ભક્તે ઝડપથી રસ્તો કાપવા માંડ્યો.

ગઢપુર અને વડોદરા વચ્ચે ખાસ્સું બસો માઈલનું અંતર. ઝડપથી ચાલે તોયે આઠ દિવસતો સહેજે થાય.

નાથ ભક્તના ગયા પછી થોડીવારે મહારાજે એકાએક નાથભક્તને યાદ કર્યા. કહે "ક્યાં ગયા નાથ ભક્ત ! બોલાવો તો એમને !"

ત્યાં કોઈક હરિભક્ત બોલ્યા, "નાથ ભક્ત તો વડોદરે જવા નીકળી ગયા છે !" ત્યાં મહારાજે બીજા એક હરિભક્ત સામું જોઈ કહ્યું : "તમે જાઓ, એમને બોલાવી લાવો !"

મહારાજની આજ્ઞા થઈ કે તે હરિભક્ત ઉપડ્યા નાથ ભક્તને બોલાવવા.

નાથભક્તને ખબર નથી કે કોઈ પાછળ આવે છે. એટલે એ તો એમની ઝડપે ચાલ્યા જાય છે. પાછળ આવતા હરિભક્તે એમને પકડવા માટે પોતાની ઝડપ બને એટલી વધારી. સવારની બપોર થઈ, સાંજ થઈ પણ એ નાથ ભક્તને આંબી શક્યા નહિ.

રસ્તામાં ગામ આવે ત્યાં નાથ ભક્તની ખબર કાઢે - પણ ત્યાંજ એમને ખબર પડે કે નાથ ભક્ત તો હમણાં જ ગયા. એમ કરતાં કરતાં સાત દિવસ વીતી ગયા ને આઠમો દિવસ થયો.

હવે તો આ દેખાય વડોદરા. આ આવી વિશ્વામિત્રી નદી. નદી ઓળંગવા જ્યાં જાય છે ત્યાં જ હરિભક્તને નાથ ભક્તનો ભેટો થઈ ગયો. એમણે બૂમ પાડી : "ઓ નાથ ભક્ત !"

નાથભક્ત ચમકીને ઉભા રહીં ગયા. હરિભક્ત એકદમ એમની પાસે દોડી આવ્યા. ખભે હાથ મૂકી કહ્યું : **"મહારાજ તમને બોલાવે છે !"**

"મહારાજ બોલાવે છે" આ શબ્દો સાંભળ્યા કે નાથ ભક્તે વડોદરા તરફ પૂંઠ કરી દીધી અને હરિભક્ત સાથે ગઢડે જવા ઉતાવળા થયા. સામે જ વડોદરા હતું. નદી ઓળંગે એટલી જ વાર હતી. પરંતુ નાથ ભક્તે કહ્યું : "ચાલો !"

હરિભક્તે કહ્યું : "ઘર સુધી આવી જ ગયા છો તો ઘેર બધાને મળી લો ને !"

નાથ ભક્તે ઘડીનો ય વિલંબ કર્યા વગર કહ્યું "ના, મહારાજ બોલાવે છે એટલે બીજા કામમાં ખોટી થવાય નહી ! ચાલો !!"

અને એજ વખતે હરિભક્તની સાથે નાથભક્ત પાછા ફરી ગયા. ચાર દિવસનો રસ્તો કાપી તેઓ પાછા ગઢડા આવ્યા ને મહારાજને દંડવત્ કરી તેમની સમીપ બેઠા.

વચમાં આઠ દિવસ વીતી ગયેલા એટલે મહારાજ જાણે શરતચૂક થઈ ગયા હતા એમ તેમણે નાથ ભક્તને પૂછ્યું : "એટલામાં પાછા કેમ આવ્યા ?"

પેલા હરિભક્તે બધી વાત કરી. એમની વાત સાંભળી મહારાજ ખૂબ હસ્યા. એ હાસ્ય પ્રસન્નતાનું હતું. મહારાજે નાથ ભક્તનો ખભો થાબડી કહ્યું : "બહુ સરસ ! પણ નાથ ભક્ત તમારે જરી ઘેર તો જઈ આવવું હતું !"

નાથભક્તે કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા પાળવામાં એટલો વિલંબ થાય ને ? જેવી આપની આજ્ઞા સાંભળી કે આપના દર્શન કાજે એવો અધીરો થઈ ગયો હતો કે તે સિવાય બીજું બધું મારે મન તુચ્છ બની ગયું હતું !"

મહારાજે હવે પેલા હરિભક્તને પૂછયું : "તમે ય કાં ભૂલ્યા ! કલાક બે કલાકમાં નાથ ભક્ત મળ્યા નહિ તો પાછા ફરી જવું હતું ને ? એમની પાછળ છેક વડોદરા સુધી દોડવાની શી જરૂર હતી ?"

અનુ. પેઈજ નં. ૧૭ ઉપર

સર્વાંગ ચારિત્ર્ય વાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ભગવાન ભક્તનું ધ્યાન રાખે છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

કોઈ વાર એક ગૃહસ્થના ઘરે મહેમાન આવેલા. મહેમાનો દરેક પોતપોતાની ફેકલ્ટીના નિષ્ણાંત હતાં. કોઈ સંસ્કૃતના પંડિત હતા, કોઈ નીતિ શાસ્ત્રના નિષ્ણાંત - જેવી કે, વિદુરનીતિ, યાજ્ઞવલ્કયની નીતિ વગેરે. એક રાજકારણી હતા અને એક ડોકટર હતા. આમ દરેક જણ પોતપોતાની લાઈનના નિષ્ણાંત હતા. બધા આવ્યા એટલે દરેકને આવકાર આપી બેસાર્યા. તેમની સરભરા કરવા સદ્‌ગૃહસ્થના પત્નિ ઘરમાં દોડ-ધામ કરવા લાગ્યા. તેમને એક નાનું બાળક હતું તેની તરફ ઘણો સમય થયા છતાં ધ્યાન ન આપી શકાયું તેથી ઘોડિયામાં સૂતેલું તે બાળક રડવા લાગ્યું. એવી તો રાડો પાડે એ જોઈને આ ચારેય નિષ્ણાંતો અંદરો અંદર કહેવા લાગ્યા, ડોકટર આ તમારો વિષય છે. અરે ભાઈ ! હું તો મળવા જ આવ્યો હતો સાથે સ્ટેથોસ્કોપ લાવ્યો નથી. પણ..... જરા જુઓ તો ખરા. ડોકટરે જોયું ટેમ્પરેચર બરાબર છે આને કાંઈ તકલીફ નથી. ભૂખ્યો પણ નથી કારણ કે તેના પેટમાં દૂધ છે. તેની જાણ તેના હોઠ ઉપર ચોંટેલા દૂધથી થાય છે. છતાં આડું-અવળું કરી જોયું પણ બાળક રડતું બંધ ન થયું. નીતિ શાસ્ત્રવાળા કહેવા લાગ્યા. લાવો હું પ્રયત્ન કરી જોઉં. ઉભો થઈને બાળક પાસે જઈને કહેવા લાગ્યો, રે બાળક ! આવી રીતે ખોટી રીતે કારણ વગર રડવું તારા માટે યોગ્ય નથી. માટે તારે સમજીને મૌન રાખવું જ હિતાવહ છે. વળી બિનજરૂરી રડવું એ અનૈતિક વ્યવહાર છે. આ નીતિ શાસ્ત્રવાળાએ ઘણું સારૂં, સભામાં શોભે એવું લેકચર કરી તો નાંખ્યું પણ પેલું બાળક તો રડ્યા જ કરતું હતું. વધારામાં હાથ-પગ પછાડે, રડવાનો અવાજ પણ વધારી દીધો. આ જોઈ રાજકારણી ભાઈ ઉભા થયા. આ દેશની અંદર કોઈ પણ બાળક રડતું ન હોય એ મારે જોવાનું છે. કોઈને રડતા નથી રાખવા, તો પછી તું કેમ રડે છે ! એટલે બાળકે તો ઓય મોટો ભેંકડો તાણ્યો. વધુ રડવા માંડ્યું. છેલ્લે સંસ્કૃતના જોરદાર પંડિત ઉભા થયા. એમણે સંસ્કૃતમાં કહ્યું, હે બાળક ! તું ગત જન્મનો કેવો સારો જીવ છે. આ ઘરમાં પૂર્વના સંસ્કારથી તારો જન્મ થયો છે તું રડીશ નહીં. તો એ વધારે રડવા માંડ્યો. સદ્‌ગૃહસ્થના પત્ની ઘરમાંથી શરબત બનાવી લાવ્યાં, અને મહેમાનો પાસે મુક્યું અને પોતાના રડતાં બાળકને તેડી લીધું અને ઊંચકીને આમ ઝુલાવ્યું - તેમ ઝુલાવ્યું અને હો...લો..... લો, હો...લો..... લો, હો...લો..... લો, બોલવા માંડ્યું. ત્યારે છોકરું રડતું બંધ થઈ ગયું. એ જોઈને આવેલા આ ચારે નિષ્ણાંત મહાનુભાવ મહેમાનોને અતિ આશ્ચર્ય થયું કે આપણે બધાએ ખૂબ મહેનત કરી છતાં બાળક શાંત ન થયું અને આ બહેન જે બોલ્યાં એનાથી બાળક તરત રડતું બંધ થઈ ગયું ! પછી એમાંથી પેલા સંસ્કૃત પંડિત કહે છે, હો... લો.... લો..... કોઈ વ્યાકરણમાં નથી આવતું, કોઈ સાહિત્યમાં નથી આવતું. હું વેદ-વેદાંત-આચાર્ય છું ત્રણ ત્રણ ડિગ્રી મેળવી આટઆટલું ભણ્યો છું પણ ક્યાંય આવું નથી આવતું. આ હો...લો....લો. ક્યો મંત્ર છે ! મારે ભણવામાં નથી આવ્યો. કામ પતી ગયું એટલે વિદાય લેતી વખતે કહે છે, બેન ! એક પ્રશ્ન છે, હા, બોલોને, આ તમે જે હો... લો..... લો.... બોલ્યાને બાળક રડતું છાનું રહી ગયું. અમે ચારેય જણાએ ખૂબ મહેનત કરી હતી. પણ છાનું નહોતું રહ્યું. તો તમે જે આ મંત્ર બોલ્યા, એનો પ્રભાવ વિધિ અમને શીખવાડશો ? ના, તમને નહીં ફાવે, અરે હું તો પ્રકાંડ પંડિત છું. છો તો ભલે રહ્યા ! પણ તમને આ મંત્ર નહીં ફાવે. પણ એના માટે અમારે કંઈ કરવું પડે એમ હોય તો અમે કરવા તૈયાર છીએ. એટલે આ બહેન બોલ્યા. ખરેખર તૈયાર છો ! હા, તો તમારે 'મા' બનવું પડશે. તો જ આ મંત્ર આવડે.

મુમુક્ષુ આત્માની સાથે કામ પુરૂ પાડવું હોય તો સદ્‌ગુરુએ 'મા' થવું પડે.

મિત્રો ! ભગવાન કેવા દયાળું છે ! આપણે દીકરા બનીશું તો ભગવાન "મા" બનવા તૈયાર છે. જેમ બાળક અને માતાનો સંબંધ પોથાં કે પુરાણો પઢવાથી સમજી શકાતો નથી. પંડિતો કે જ્ઞાનીઓ પણ સમજી શકતા નથી તેમ

ભગવાન અને ભક્તનો સંબંધ કોઈ વિજ્ઞાનીઓ સમજી શકતા નથી કે નથી તર્કશાસ્ત્રીઓ એને જગતના જીવો નહીં જાણી શકે. એ સમજવા માટે તો ભક્ત બનવું પડે. માતાનો હો...લો....લો..... અવાજ બાળક સમજે અને ભગવાનનો હો.... લો..... લો..... ભક્ત સમજે.

માટે ભગવાનથી દૂર ન થવાય તેનું ધ્યાન આપણે રાખવાનું જો આપણે એટલું ધ્યાન રાખશું તો.....

જેમ રડતા બાળકનું માતા ધ્યાન રાખે છે. રડતા શિષ્યનું મહાત્મા ધ્યાન રાખે છે રડતા ભક્તનું પરમાત્મા ધ્યાન રાખે છે. ભગવાન આપણું જરૂર ધ્યાન રાખશે.

●

અજબ રક્ષા અલબેલાની

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભારતની ઉત્તર સરહદનું એ નાનું સરખું ગામડું, વેરવાલ. એ ગામના લોકોએ એક રાક્ષસી કામ કરી નાખ્યું. એ લોકોએ સંતદાસજી સ્વામીને માર્યા ખૂબ માર્યા. આરામના સ્થાનમાં આગ લગાડી. મોક્ષ પમાડે એવા મુક્તરાજનો અતિ તિરસ્કાર કરી નાખ્યો. નહિ તો આવા મહાપુરુષો તો જીવોના કલ્યાણ અર્થે જ વિચરણ કરતા હોય છે. હમણાં જ તિબેટના રાજાને સમાધિ દશાની ખામીમાંથી મુક્ત બનાવી મોક્ષ કરીને આ ગામમાં આવ્યા. પણ અવિવેકી માણસોએ આવા સંત પાસેથી મોક્ષ ન મેળવ્યો. પોતાની મૂર્ખાઈને છતી કરી.

મનખો સુધારે તેવા મહાત્માને ચોર ઠરાવ્યા. સંતદાસજી સ્વામી બદરીકાશ્રમ માન સરોવરની યાત્રા કરીને ગુજરાત બાજું આવતા હતા. તે તિબટેમાં કૈલાસ દર્શન કરીને નેપાળ-ભુતાનની સરહદ પાસે થઈને ભારતની સરહદમાં આવ્યા. સાંજ પડી ગઈ. થોડું અંધારૂ પણ થયું. ત્યાં આ વેરવાલ ગામ દેખાયું. ગામનું નામ જરા વિચિત્ર પણ નામ તેવા ગુણ વાળું તો ખરું જ.

જગતના જીવોને આ લોક સિવાય માયા-મમતા સિવાય બીજું કશું સુઝતું જ નથી. ગમે તેવા પ્રસંગે પણ એવા લોકોને પરમાત્મા યાદ આવે જ નહિ. ચન્દ્ર લોક સુધી જઈને ત્યાં પણ એકાદ પર્વતના ઊંચા શિખરને પોતાની પત્નીનું નામ આપી આવશે. પણ પ્રભુ યાદ નહિ આવે.

આખો દિવસ ધંધો-મજૂરી મહેનત કર્યા પછી સાંજ પડે ભગવાન ન સંભારતા એલ ફેલને જ ચાવ્યા કરવાના. ગામના ચોરે કે ભાગોલે એવા નવરા ટોળાં સમી સાંજે ભેળાં થતા હોય છે અને નિંદા, કુથલી અને ન જોઈતી પંચાતમાં સમય બગાડતા હોય છે.

વેરવાલ ગામની ભાગોળમાં બેઠેલ એકાદ આવાં ટોળાએ સંતદાસજીને પોતાના ગામ તરફ આવતા જોયા. અલમસ્ત સિદ્ધ મુક્ત સંતદાસજી ડોલતા ડોલતા ચાલ્યા આવે છે. જ્યારે જુઓ ત્યારે સમાધિ દશામાં જ હોય. દેહની તો સ્મૃતિ જ નહિ. પછી માન-અપમાન તો હોય જ ક્યાંથી ? સન્માન કરો કે અપમાન કરો પણ એ તો અમી દૃષ્ટિથી જ જોવાના.

ટોળામાંથી કોઈ બોલ્યું આ, કોણ આવે છે ? કોઈ બાવો જણાય છે.

પણ અત્યારે ? અંધારામાં ? બીજો બોલ્યો. અરે, શરીર પર કપડાનું તો ઠેકાણું નથી, કોઈ ચોર તો નહિં હોયને ? ત્રીજો બોલ્યો, હા, હા, સાચી વાત છે. અંધારામાં આવે એ ચોર જ હોય, કોઈએ ટાપસી પુરી.

બસ, એક બોલ્યો, બીજો બોલ્યો, ત્રીજો બોલ્યો ને શિયાળાની સમી સાંજમાં શિયાળીયા બૂમા બૂમ કરી મૂકે એમ બધાએ બૂમો પાડવા માંડી ચોર, ચોર, ચોર.

અને કોઈએ પથરા ઉપાડયા, કોઈએ લાકડીઓ લીધી, નજીકના ઘરમાંથી કોઈ દોરડું લઈને દોડ્યા. આખા ગામમાં ચોર ચોર થઈ રહ્યું.

લેખની શરૂઆતમાં કહ્યું તે રીતે અવિવેકી અને ઉદ્ધત માણસો શું નથી કરતા ? સ્વામીના હાથમાં કશું નથી. વસ્ત્રો પણ મર્યાદિત છે મુખમાંથી સ્વામિનારાયણ નામનો ધ્વની ચાલુછે છતાં કોઈએ વિચાર કર્યો નહિ કે ચોરના આવાં લક્ષણ હોય ? મૂર્ખાનું મોટું લક્ષણ એ કે "ખરેખર ચોર હોય તેને સાધુ માની છેતરાય પછી સાચા સાધુને ચોર માની અવગણના કરે."

આ ઉદ્ધત ટોળાએ સંતદાસજી સ્વામી ઉપર ધૂળ, પથરાનો વરસાદ વરસાવ્યો. લાકડીઓના જબરા પ્રહાર કર્યા અને છેવટે એક દોરડાંવતી હાથ-પગ બાંધી દીધા.

એક કરડી દૃષ્ટિ કરે તો કાયાનાં કોચલાં વાળી નાંખે એવા સમર્થ સંત ક્ષમા રાખી બેસી રહ્યા. પણ અસૂરોનો બકવાસ વધી ગયો. આખું ગામ ભાગોળે ભેળું થઈ ગયેલું. કોઈ કહે પાકો ચોર છે. જબરો ઢોંગી છે. બસ આમને આમ બાંધી જ રાખો. સીધો થઈ જશે. અરે

હાથ-પગ કાપી નાંખો પછી પડ્યો પડ્યો રિબાશે. કોઈ દુષ્ટ કહે મારી જ નાંખોને એટલે બધી પંચાત મટી જાય. એમાં કોણ પૂછવાનું છે ? લ્યો અમારી તલવાર કોઈ કસાઈએ તલવાર તૈયાર કરી, ટોળામાંથી બે-ચાર ભાલાં ઉંચા થયા મારો, મારો નો ગોકીરો થયો અને એક પલકમાં કોણ જાણે શું થઈ જાત પણ સામેથી પાંચ-છ માણસોનું ટોળું દોડતું આવ્યું એમાં એક સ્ત્રી અને એક પુરુષ પ્રોઢાવસ્થામાં હતાં બે યુવાન પુરુષો હતા. બીજા પણ એક બે જણ હતા.

આવીને ઉદ્ધત ગામ લોકોનો ઉધડો જ લીધો, કેમ અમારા પુત્રને બાંધ્યો છે ? આ તમારો બાપ ક્યાં ચોર છે ? ચોર તો તમે છો પાપીઓ ? અને એવું તો વિકરાળ રૂપ જોયું કે ગામ લોકોના મોતીયા આજ મરી ગયા. બધાંના મોઢાં દિવેલ પીધું હોય તેવાં બની ગયા. તાવડીનાં તળીયાં જેવી કાળાશ આવી ગઈ.

આવનાર પાંચ સાત વ્યક્તિ બીજું કાંઈ નહીં પણ ભગવાન સ્વામિનારાયણ પોતે જ એટલા રૂપે પધાર્યા હતા. સંબંધી બનીને સંતદાસજીની પ્રભુએ રક્ષા કરી. પાપીઓને પાપનું ફળ મળ્યું. સંતદાસજીને બંધનોથી છોડીને ભગવાને બધાં રૂપો અદૃશ્ય કરી દીધા. સ્વામી તો હસતા હસતા કંઈ જ બન્યું ન હોય એમ ચાલતા થયા. ભગવાન તો આપણા મારા, પિતા, ભાઈ અને મિત્ર છે. ગમે તેવી આપત્તિમાં આપણી રક્ષા કરે છે. જો દૃઢ આશરો અને શ્રધ્ધા હોય તો.

અનુ. પેઈજ ૧૪ નું ચાલુ...

સત્સંગ સુરભિ

હરિભક્ત હાથ જોડીને બોલ્યા : "મહારાજ ! આપની આજ્ઞા હતી કે નાથ ભક્તને બોલાવી લાવો, પછી હું ખાલી હાથે કેમ પાછો આવુ શકું ?"

મહારાજ ભક્તની વાત સાંભળી વળી પાછા હસ્યા. કહે : "મારા ભક્તો કેવા ભોળા છે !"

તો આવા હતા મહારાજના ભક્તો ! મહારાજની આજ્ઞા એ જ એમને મન મહત્વનું. બાકી બધી વાત તુચ્છ. ઠેઠ ઘર સુધી પહોંચેલા નાથ ભક્ત, મહારાજની આજ્ઞા સાંભળતાં જ ઘરે મળ્યા વિના પાછા વળી ગયા. અહીં દેહના સંબંધી વિષેની મમત્વ બુદ્ધિ તુચ્છ બની ગઈ અને "મહારાજ બોલાવે છે એટલાં મારાં ભાગ્ય ક્યાંથી ?" એવી આત્મબુદ્ધિ અધિક બની રહી.

ગઢપુરમાં બેઠેલી સભા નાથ ભક્ત અને એમને બોલાવવા ઠેઠ વડોદરા સુધી ગયેલા એ હરિભક્ત - બંનેની મહારાજની આજ્ઞા વિષેની નિષ્ઠા નિહાળી આશ્ચર્ય પામી ગઈ.

"જેવા મોટા આપણા મહારાજ છે એવા જ મોટા એમના ભક્તજનો પણ છે." આ અહેસાસ પ્રત્યેકના મનને સ્પર્શી રહ્યો.

અમદાવાદ મંદિર દ્વારા સત્સંગિભૂષણ અંશ ૪ અને ૫ નું પ્રકાશન

સંપ્રદાયના સાહિત્યપ્રેમી હરિભક્તોને આનંદ સહ જણાવવાનું જે આપણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંપ્રદાયનું અમૂલ્ય રત્ન નંદસંતોનું હસ્તપ્રત સાહિત્યનું સંશોધન કરીને પ્રકાશીત કરવાનું કામ છેલ્લા ઘણા વરસોથી ચાલી રહ્યું છે. જેમાં શ્રીહરિ સમકાલિન સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીકૃત "શ્રીમદ્ સત્સંગિભૂષણ અંશ ૧, ૨ અને ૩ નું પ્રકાશન ઘણા સમય પહેલા થયું હતું. જેમાં અંશ ૪ અને ૫ નું પ્રકાશન થતા તેનું વિમોચન પવિત્ર અધિક જેઠ સુદ ત્રીજના શ્રી નરનારાયણદેવના પાટોત્સવ દિને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું. જેનું અનુવાદ સંશોધન આપણા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ કરેલ છે. તેથી આ ગ્રંથ આપણા સૌ માટે વિશેષ તો હતો જ પણ તે અલૌકિક અને દિવ્ય બની ગયો છે. માટે હરિભક્ત માત્રે આ ગ્રંથના દરેક અંશ અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મેળવીને તેનું વાચન-મનન અને નિદિધ્યાસ કરીને જીવમાં ઉતારવું. તેજ આવા શાસ્ત્રો થકી મહારાજને પામવાની શ્રેષ્ઠ પ્રાપ્તિ છે.

ધોળકા અને માણસા મંદિરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી અને સ.ગુ. સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી અને માણસા શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (જમીયતપુરા)ની નિયુક્તિ કરી છે.

।। ભક્તિસુધા ।।

સદ્‌ગુણોના સાગર પ્રગટ લક્ષ્મીસ્વરૂપ એવા અમારા બંને ગાદીવાળાશ્રી

- નાની બેન (વિરાટનગર)

ભક્તિસુધા અંકના પ્રિય વાચકો જયશ્રી સ્વામિનારાયણ. આ જે લેખ લખ્યો છે તે કોઈકને એમ થશે કે આ વાત તો બધાને ખબર છે. બધા જાણે જ છે. છતાયં મને એમ થયું કે આપણી ફરજ છે કે સ્વયં શ્રીહરિએ જેનો મહિમા ગાયો છે તેમનો મહિમા આપણે પણ ગાવો જોઈએ. વર્ણવવો જોઈએ. સ્વયં શ્રીહરિએ જે પદ સ્થાપ્યું છે. તેમનો મહિમા તો અપાર જ હોય ને ! અને પોતાના જ દીકરા છે પોતાનું જ કુળ છે. પછી એમાં કહેવાનું શું હોય ? સમસ્ત બહેનોના ગુરુ સાક્ષાત્ લક્ષ્મીજી છે. પ્રગટ લક્ષ્મીસ્વરૂપ કહેવાય છે. જેઓ સંપ્રદાયમાં ગાદીવાળાશ્રી તરીકે ઓળખાય છે. છતાંય ઘણા એવા પણ મુમુક્ષુ હશે કે એમને એમ થતું હશે કે આવું બધું જાણવા સમજવા મળે તો સારું.

આપણા મોટા ગાદીવાળાશ્રી આજે ૪૦-૪૦ વર્ષથી જે ગાદીવાળા તરીકેનું પદ શોભાવ્યું છે શોભાવે છે. સત્સંગને સાચવ્યો છે. જે બધાને પ્રેમ આપ્યો છે. તે કોઈ જ ભૂલી શકે તેમ નથી. જેમ આપણા મોટા આચાર્ય મહારાજશ્રીના ગુણો અપાર છે. તેમના લેખા-જોખા કોઈ કરી શકે તેમ નથી. તેમ અમારા બન્ને ગાદીવાળાશ્રીના પણ ગુણોના લેખા-જોખા કોઈ કરી શકે તેમ નથી. કારણ ભાઈઓનો જે વ્યવહાર છે તે કરતાં બાઈયોનો વ્યવહાર ખૂબ જ કઠણ હોય છે. ભાઈઓને કંઈ પણ કોઈપણ જાતના પ્રશ્નો ઉભા થાય તો મહારાજશ્રી ઉકેલ લાવી દે છે. તે ઉકેલ તો જલ્દીથી આવી જાય પણ બાઈયોને સમજાવવી હોય તો બહું કઠણ પડે. છતાંય કહેવાનું એમ છે કે બાઈયોના વ્યવહારમાં કંઈપણ પ્રશ્નો ઉભા થયા હોય તો પૂ. ગાદીવાળાશ્રી જે ઉકેલ લાવો તેમાં બધા જ રાજી થઈ જાય. એવા અમારા બન્ને ગાદીવાળાશ્રીના ગુણો તો અપાર છે. અને બન્ને ગાદીવાળાશ્રીનું તેજ પણ જુદુ જ છે. અને તેમનું રૂપ તો કોઈ દર્શન કરે કે તરત એને એમ જ થઈ જાય કે આ તો સાક્ષાત્ લક્ષ્મીજી જ છે. એમની વાણી એમનો આનંદ પણ એવો હોય જ ને ! સ્વયં શ્રીહરિએ સ્થાપન કરેલી આ વાત વિશ્વમાં ક્યાં છે ? ક્યાંથી હોય ? જે પોતે સર્વ અવતારી પ્રભુ એકજ છે અને તેમની પરંપરા છે. તે પણ એકજ હોય છે એટલે એની કોઈ જોડ ના હોય. આપણાં બન્ને ગાદીવાળાશ્રીની તો વાત જ ન્યારી છે. જુઓ તો ખરા ! તેઓશ્રીની મહાનતા કેટલી બધી છે ? આ... હા... હા... હા... શું એમનો દયાળુ સ્વભાવ છે ! ગમે તેની વાત હોય તો પણ શાંતિથી સાંભળે અને એ વાતનો ઉકેલ લાવી દે અને રાજી કરી દે. એમને મન તો બધાય સરખા છે. કોઈ વર્ષોથી સત્સંગમાં હોય તેની પણ ખબર પૂછે અને કોઈ જાણે કે આજે કે કાલ જ સત્સંગમાં આવ્યા હોય તો તેને પણ ખબર પૂછે. ક્યાં પૂ. ગાદીવાળાશ્રીનું પદ અને ક્યાં કોઈ પણ જીવ ! આ તો કીડી કુંજરનો મેળાપ છે. પૂ. ગાદીવાળાશ્રીના દર્શન આપણે ના કર્યા હોય, ક્યાંય પરદેશ પધાર્યા હોય, ક્યાંય બહારગામ પધાર્યા હોય અને આપણે મળ્યા ના હોઈએ તો પૂ. ગાદીવાળાશ્રીને એ બધું જ ધ્યાન હોય કે આ વ્યક્તિ ઘણા ટાઈમે મળી અને તરત જ પૂછે કે કેમ બહુ જ દિવસે મળ્યા ? (દેખાણા) ત્યારે આપણને એમ થાય કે આ દુનિયાનું બધું જ સુખ મળી ગયું. એવા તો પાછા હજારો લાખો બહેનો એમના દર્શને આવતા હોય. એ બધાને એ એવી જ રીતે ખબર પૂછતા હોય. તો બોલો આવા ગાદીવાળાશ્રી ક્યાંય જોયા છે ? ધર્મવંશી બન્ને આપણા ગાદીવાળા અંતર્યામી અને સાક્ષાત્ લક્ષ્મીજી સ્વરૂપ છે.

અને આ તો બધું અનુભવશીલ છે. અનુભવેલું છે જાણેલું છે. ઘણા બધા સત્સંગી બહેનો આ વાતને જાણે છે. તો આપણે એમના સેવક છીએ એમને આપણા ગુરુ તરીકે શ્રીજી મહારાજે નિમેલા છે. આપણને સોંપ્યા છે કે આ તમારા ગુરુ. તો આપણે તેમનામાં ગુરુ ભાવ રાખીને અન્ન-ધન-વસ્ત્રાદિકે કરીને તેમની સેવા પૂજા આપણો ધર્મ અને

ફરજ છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૭૧ માં આપણને આજ્ઞા પણ કરી છે. એ પ્રમાણે પૂજા કરીને શ્રીજીમહારાજ અને પૂ. ગાદીવાળાશ્રીનો રાજીપો લઈએ એ જ પ.પૂ.અ.સૌ. પ્રગટ લક્ષ્મીસ્વરૂપ એવા બન્ને ગાદીવાળાશ્રીના ચરણોમાં કોટી-કોટી પ્રણામ કરી પ્રાર્થના કરી જીવનને ધન્ય બનાવીએ.

●

તીર્થો મૂર્તિમાન છે !

- તરલાબેન અતુલભાઇ
પોથીવાલા (અમદાવાદ)

ભગવાન શ્રીહરિ મહાપ્રભુ પવિત્ર ચૈત્રમાસની શુકલ પક્ષની દશમના દિવસે ઉંઝાથી સિધ્ધપુર પધાર્યા, તેના બીજા દિવસે પવિત્ર કામદા એકાદશીના શુભ બ્રાહ્મ મુહૂર્તમાં સરસ્વતી નદીને પુનિત કરવા માટે સ્નાનવિધિ કરવા સર્વે સંત-હરિભક્તો સહિત શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ સરસ્વતી નદી ઉપર પધાર્યા ત્યારે દેવી સરસ્વતી પોતાના સ્વામી એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને આવતા જોઈને પોતે મૂર્તિમાન થયાં અને સુવર્ણમય થાળમાં ષોડશોપચાર પૂજા સામગ્રી લઈને શ્રીહરિ સમીપે આવ્યા.

જાણે પોતાના અક્ષરધામમાંથી સાક્ષાત્ લક્ષ્મીજી સેવા પૂજાનો લાભ લેવા પધાર્યા હોય તેવાં એ શોભતાં હતા. પ્રથમ પોતાની મર્યાદા પ્રમાણે પંચાગ પ્રણામ નમસ્કાર સ્તુતિ પ્રાર્થના વિગેરે ષોડશોપચાર વિધિ પ્રમાણે શ્રીહરિની મહાપૂજા તેમજ આરતી ઉતારી. પછી ગદ્‌ગદ્ કંઠે થઈને સરસ્વતી દેવી આ પ્રમાણે પ્રાર્થના સ્તુતિ કરવા લાગ્યા.

"હે મહારાજ ! આપે મને ઘણા વર્ષે દર્શન આપીને પાવન કરી છે. હે નારાયણ ! મારા પિતા જગત સૃષ્ટા બ્રહ્માજીએ મને અમૃત વચન આપ્યું હતું કે હે સરસ્વતી ! તું કુંવારિકા છે અને નદીરૂપે થઈ પણ હું તને વચન આપું છું કે હે દેવી ! કળિયુગમાં અનંતકોટિ બ્રહ્માંડોના સ્વામી સર્વાવતારીશ્રી પુરૂષોત્તમ નારાયણ આલોકમાં પ્રાદુર્ભાવ પામશે અને પોતાના અનંત મુકતોએ સહિત તીર્થોત્તમ સિધ્ધપુર ક્ષેત્રમાં તારો અને સર્વાવતારી શ્રીહરિ મહાપ્રભુનો પ્રથમ મેળાપ થશે. એમાં જરા પણ તું ચિંતા કરીશ નહિ. આ મારા વચનમાં લેશમાત્ર પણ શંકા રાખવી નહિ. એટલા માટે કે શ્રીહરિ મહા પ્રભુ ! આપ મારા પિતાના વચન પ્રમાણે મને પાવન કરવા બિંદુ સરોવર કિનારે રહેલી સરિતા (સરસ્વતી) ને પોતે સ્નાન-નિમિત્તે અહિંયા મને દર્શન આપવા પધાર્યા છો. તો હે શ્રીહરિ ! આપ મારી સેવા અંગીકાર કરો અને મને પાવન કરો."

આ પ્રમાણે મૂર્તિમાન સરસ્વતી દેવીની પ્રાર્થના સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને દેવી સરસ્વતીને વરદાન આપતાં મર્મવચન બોલ્યા કે, "હે સરસ્વતી ! આ લોકમાં અમારા સ્વરૂપનું દર્શન થવું એ તો મહા ભાગ્યશાળી ને જ થાય છે પરંતુ બીજાને તો દુર્લભ છે. અમોએ દરેક તીર્થને અમારાં સ્વરૂપનાં દર્શન આપીને પાવન કર્યા છે. અને અમારી ઈચ્છાથી જ અમારા ભક્તોને જેવો પ્રેમભાવ હોય તે પ્રમાણે દર્શન આપીએ છીએ. માટે હે દેવી ! તમારા પવિત્ર જળમાં જે કોઈ પુણ્યશાળી જીવાત્મા આવીને મહિમાએ સહિત અમારા સ્વરૂપનું નામ સ્મરણ કરતા થકા સ્નાનવિધિ કરશે અને પુણ્યદાન કરશે તે જીવાત્મા નિશ્ચય અમારા નિત્ય આનંદ આપનારા પવિત્ર અક્ષરધામમાં સદાને માટે નિવાસ કરશે. અને તમો પણ જ્યાં સુધી આ દિવ્ય વસુંધરા રહે ત્યાં સુધી અહિંયા અખંડ નિવાસ કરશો. અને જ્યારે આ સૃષ્ટિનો પ્રલય થશે ત્યારે અમો તમને અમારા ધામમાં અવિનાશી સુખના ભોક્તા બનાવીશું."

આ પ્રમાણે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ મૂર્તિમાન થયેલાં સરસ્વતી દેવીને પોતના સ્વરૂપનું દર્શન આપીને તથા વરદાન આપીને કૃતાર્થ કર્યા.

ત્યારબાદ વરદાન પામેલા દેવી સરસ્વતીએ શ્રીહરિને પ્રણામ કરી પોતાનું સ્વરૂપ સમાવી લીધું. એ વખતે સુવર્ણમૂર્તિની જેમ સરિતાના જળમાં તેજ તેજ નો અંબાર પથરાઈ રહ્યો.

આ વિસ્મય જોઈને સર્વે સંતો, પાર્ષદો હરિભક્તો એ ભગવાનને પ્રાર્થના કરતાં કહ્યું જે હે, મહારાજ ! આ પવિત્ર નદીને વિષે કોણ આવ્યું હતું ?" ત્યારે ભગવાન બોલ્યા : "હે ભક્તો ! સાક્ષાત્ સરસ્વતી દેવી મૂર્તિમાન અમારા સ્વરૂપનાં દર્શન કરવા માટે હંમેશા આવે છે. પણ આજે અમારી ઈચ્છાથી તમોને એમનાં દર્શન થયા."

ત્યારે સર્વે હરિભક્તો એકી અવાજે બોલી ઉઠ્યા જે "જે હે મહારાજ ! તીર્થો મૂર્તિમાન છે તેવી અમને આજે જાણ થઈ."

આ પ્રમાણે પવિત્ર સિધ્ધપુર તીર્થનો મહિમા શ્રીહરિએ પ્રત્યક્ષ આવીને અતિશે વધારી દીધો. શ્રીહરિ જ્યારે જ્યારે સિધ્ધપુરમાં પધારતા ત્યારે ત્યારે બિંદુ સરોવર તેમજ સરસ્વતી નદીના કિનારે આંબલિયોમાં જ ઉતારો કરતા હતા.

પુણ્ય સલીલા સરસ્વતી નદીને કિનારે પવિત્ર ચૈત્ર માસના શુકલપક્ષની એકાદશીથી પૂર્ણિમા પર્યંત પાંચ દિવસ સુધી સિધ્ધપુર તીર્થક્ષેત્રનો સમૈયો શ્રીહરિ મહાપ્રભુએ ધામધુમથી કર્યો હતો.

સુણો સંત હરિજન ઉર,
કાલે તો જાવું છે સિધ્ધપુર.
મોટુ તીરથ છે તે પ્રમાણ,
જેનાં દેવ કરે વખાણ.
તેમાં કરવું છે જેને સ્નાન,
મૂકી દેવા અંતર અભિમાન.
કામ ક્રોધ લોભ રસા સ્વાદ,
કાંઈ રાખવો નહીં ત્યાં પ્રમાદ.
એમ વાત કરી ઘણીવાર,
આ તો સંક્ષેપથી કહ્યો સાર.

(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ૩.તરંગ ૪૬)

●

ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે

- ભગવતીબેન કાંતિલાલ સોની
(પાટણ)

કારિયાણી ગામમાં માંચા ખાચરને ભોજાભાઈ બંને પૂર્વ જન્મના શુદ્ધ મુમુક્ષુઓ હતા. બંને પ્રથમ માર્ગીના પંથમાં હતા. પોતાના મોક્ષ માટે ભગીરથ પ્રયત્ન કરતા હતા. મોક્ષ મેળવવા માટે સાધુની સેવા સાચા ભાવથી કરતા હતા.

એકવાર શ્રીજી મહારાજ કારિયાણી પધાર્યા ત્યારે માંચા ખાચર પોતાને કેવી રીતે સત્સંગ થયો તે પૂર્વ વૃતાંત શ્રીજી મહારાજને કહે છે, "હું અને ભોજાભાઈ પ્રથમ માર્ગીય મતમાં મગ્ન હતા. એકવાર અમે બંને સાથે કાશીની યાત્રાએ ગયા. ત્યાં ગાયોને લીલા ઘાસની વાડીઓ ચરાવીને ધર્માદો કર્યો. તેમજ બ્રહ્મ ભોજન કરાવીને પુણ્ય કર્યું. કાવડમાં ગંગાજળ ભરી કારિયાણી પાછા આવ્યા. પછી અમે બંને મિત્રોએ માળા ઉપાડીને પ્રતિજ્ઞા કરી કે, "જો તમને કોઈ મહાપુરૂષ મળે તો મને કહેવું અને મને કોઈ મહાપુરૂષ મળશે તો હું તમને કહીશ." એમ નક્કી કરીને ભોજાભાઈ જળની કાવડ લઈને ચાલ્યા તે ગામ જેતપુરના સીમાડામાં આવ્યા. ત્યાં છોકરાઓ ઢોર ચારતા હતા. તે છોકરાઓ વગર બોલાવ્યા બોલ્યા કે, "આમને ભગવાનનો ખપ છે, તો એમને ભગવાન બતાવીએ." આ સાંભળીને ભોજભાઈ બોલ્યા : તમે અમને ભગવાન બતાવો. ત્યારે તેમાંનો એક છોકરો ચાલીને રામાનંદસ્વામી પાસે લઈ ગયો. ભોજાભાઈએ રામાનંદ સ્વામીના દર્શન કરી, જ્ઞાનવાર્તા સાંભળીને રામાનંદ સ્વામીનો ભગવાનપણાનો નિશ્ચય કર્યો. કાવડમાં લાવેલા ગંગાજળથી સ્વામીને સ્નાન કરાવ્યું. અને સમાગમ માટે રાત રોકાયા. પછી સ્વામીએ ભોજાભાઈને કહ્યું, "હવે તમે ઘેર જાવ, ત્યારે ભોજાભાઈએ કહ્યું, "મારો એક મિત્ર છે. તમે કહો તો હું આપના દર્શન કરવા તેડી લાવું ?" ત્યારે પ્રસન્ન થયેલા સ્વામીએ કહ્યું કે, "અહીં બહુ ભીડ થાય છે. તેથી એને એકલાને જ લાવજો."

પછી ભોજાભાઈ કારીયાણી આવ્યા અને રામાનંદ સ્વામીના મહિમાની બધી વાતો કરી. તે વાત સાંભળીને મને (માંચા ખાચરને) શાંતિ થઈ ગઈ અને અતિશય આનંદ થયો. તે આનંદના વેગથી મારી વાડીમાં ત્રણસો વિઘાનો કપાસ હતો તે ગાયોને ચરાવી દીધો. તેથી સગાવહાલાઓએ મારી ટીકા કરી. અને મને વઢ્યા. ત્યારે મેં કહ્યું : "મોટા પુરૂષને દર્શને જતા આ ખેતી આડી આવે છે. માટે આ ખેતી ચરાવી દીધી." એવી રીતે સગાઓને સમજાવીને ગંગા જળની કાવડ લઈને હું જેતપુર રામાનંદ સ્વામી પાસે ગયો. તેમની અદ્‌ભુત કથા વાર્તા સાંભળીને મને રામાનંદ સ્વામીનો ભગવાન પણાનો નિશ્ચય થયો. રામાનંદ સ્વામીને ગંગાજળથી સ્નાન કરાવ્યું. પછી હું શાંતિથી ત્યાં રહ્યો. ત્યારે રામાનંદ સ્વામીએ રાજી થઈને કહ્યું, "ભગતજી ? હવે ઘેર જાવ." ત્યારે મેં કહ્યું, "જો તમે મારે ઘેર પધારો તો જાઉ." ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે, "અન્નકૂટના ઉત્સવ ઉપર અમે જરૂર કારિયાણી આવીશું. તમે ઘેર જાવ. ભજન કરજો." આવી રીતે માંચા ભગત સ્વામીની આજ્ઞાથી ઘેર ગયા.

રામાનંદસ્વામીની આવી નિષ્ઠાવાળા માંચા ભગત, નાજા ભગત અને મીણબાઈ હતા. એ બધા રામાનંદ સ્વામીનું ધ્યાન કરે ત્યારે ધ્યાનમાં શ્રીજી મહારાજ દેખાતા. મસ્તક ઉપર સુંદર

શોભાયમાન કેશ શોભી રહ્યા હોય અને સુંદર બુટ્ટાવાળી અલફી ધારણ કરી હોય એવી તપસ્વી મૂર્તિનાં ધ્યાનમાં દર્શન થયા. બધા વિચાર કરે આ કોણ હશે ? પછી સૌ નિઃસંશય થવા માટે રામાનંદ સ્વામી પાસે ગયા. પરંતુ રામાનંદ સ્વામી ત્યારે અંતર્ધાન થઈ ગયા હતા.

ત્યારપછી એ બધા ફણેણીમાં શ્રીજી મહારાજના દર્શને ગયા. ત્યારે એમણે મહારાજને પૂછ્યું કે, અમે જ્યારે રામાનંદ સ્વામીનું ધ્યાન કરતાં ત્યારે તમારી મૂર્તિ દેખાતી, તે રૂપે અમને દર્શન આપો. એટલે મહારાજે કોઈકને ઘેર અલફી બંધાવી મૂકી હતી તે મંગાવી શ્રીજી મહારાજે પહેરી, ત્યારે દર્શન કરી તે ભક્તો બોલ્યા કે, અમે જ્યારે રામાનંદ સ્વામીનું ધ્યાન કરતા હતા ત્યારે તમારા આવાજ દર્શન અમને થતા હતા.''

શ્રીજી મહારાજ જ્યારે આલોકમાં નહતા પધાર્યા ત્યારે ત્યારના દરેક ભક્તો રામાનંદ સ્વામીને ભગવાન માનતા હતા. એટલે મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય જલ્દી થતો નહતો. જેમ હીરે કરીને હીરો વિંધાય. તેમ ભગવાનથીજ ભગવાનનો પાકો નિશ્ચય થાય.

ભક્તો આપણી ઉપર તો મહારાજે ખૂબ જ દયા કરી છે. બધું જ તૈયાર છે. મહારાજ, આચાર્ય મહારાજશ્રી, સંતો, શાસ્ત્રોને મંદિર પણ ? આ જીવની અવળાઈ છે કે ભજન-ભક્તિમાં આળસ રહે છે.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના ચરણોમાં નમ્ર પ્રાર્થના કે અમારા ઉપર ખૂબજ રાજીપો રાખી મહારાજના ચરણમાં અમારા વતી પ્રાર્થના કરે કે અમો સૌ ધર્મ સહિત ભક્તિ કરીએ ને સર્વોપરિ શ્રીનરનારાયણદેવની નિષ્ઠાપૂર્વક સેવા કરીને રાજીપો મેળવીએ.

●

ધર્મકુળની દયાળુતા

- પટેલ હિરલ પી.

(એપ્રોચ-બાપુનગર)

આપણા સંપ્રદાયમાં ધર્મકુળની દયાળુતાની ઘણી વાતો સાંભળેલી તથા અનુભવેલી. પરંતુ આ મેં સ્વયં અનુભવેલી વાત છે. એક વખત એક હરિભક્તને ત્યાં અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પધરામણી હતી. અમે બધા સવારે વહેલા ઉઠી પધરામણીની તૈયારીમાં લાગેલા હતા. તેવામાં તેના ઘેર ફોન આવ્યો કે મારા મમ્મી મંદિરે જતા હતા અને રસ્તામાં પડી ગયા અને તેમને મગજમાં ખૂબજ ઈજા થઈ હતી. તેથી હું અને મારી બીજી ફ્રેન્ડ સીધા દવાખાને ગયા. પૂ. ગાદીવાળાશ્રી ૧૦-૦૦ વાગ્યે પધારવાના હતા. મેં મનમાં નક્કી કરેલું કે મારે આજે ગાદીવાળાશ્રીના દર્શન કરવા જ છે. તેથી દવાખાનેથી અમે પૂ. ગાદીવાળાશ્રીના દર્શન કરવા ગયા. અને જ્યારે ગાદીવાળાશ્રીને ખબર પડી કે મારા મમ્મીને આવી રીતે વાગ્યું છે. તો તેમને મને પાસે બોલાવીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે જાઓ કશું જ નહીં થાય. નરનારાયણદેવ છે ને. પછી તે દિવસે બપોરના સિટીસ્કેનનો રિપોર્ટ કરાવ્યો તેમાં ડૉકટરે કીધું કે તેમને હેમરેજ છે. પછી વી.એસ. હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા. પણ સૌના આશ્ચર્ય વચ્ચે ડોકટરે કહ્યું કે બધુ નોર્મલ છે. ઓપરેશનની જરૂર નથી ! આ બધું આપણા ઈષ્ટદેવશ્રી નરનારાયણદેવની કૃપા અને ગુરુના આશીર્વાદથી શક્ય બન્યું છે. અને ખરેખર આશ્ચર્યની વાત તો એ છે કે વી.એસ. હોસ્પિટલના જનરલ વોર્ડમાં જ્યાં મને પણ જતા ખચકાટ થતો હતો ત્યાં સ્વયં ગાદીવાળાશ્રી મારા મમ્મીની ખબર અંતર પૂછવા અને આશીર્વાદ આપવા પધાર્યા ! અમારા તો ભાગ્યનો પાર જ ન રહ્યો. આટલા મોટા રાજાધિરાજ હોવા છતાં, અમારા જેવા એક નાના હરિભક્ત માટે આટલું બધું.....

માટે જ જેને આવા સર્વોપરિશ્રી નરનારાયણ દેવ અને આવા સર્વોપરિ ગુરુ મળ્યા હોય તેને જો સુળી વાગશે તો તે કાંટો વાગ્યા તુલ્ય જણાશે.

"ધર્મકુળનો આશ્રિત જ ભગવાનનાં ધામને પામશે"

●

બેવડી કંઠી ગળામાં કેમ પહેરવાની (અક્ષરધામની ટીકીટ માટે)

- આરતીબેન યોગેશભાઈ જાંદવ

(કાંકરિયા)

આપણે સર્વે ભક્તો ખૂબજ ભાગ્યશાળી છીએ કે આપણને શ્રીપુર શહેરમાં નરનારાયણદેવના દર્શન નિત્યે અહર્નિશ થાય છે. પૂ. મોટા

મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને બાળ સ્વરૂપ લાડીલા પૂજ્ય લાલજી મહારાજશ્રીના આપણે દર્શન કરીએ છીએ. અ.સૌ. પૂ. મોટા ગાદીવાળાશ્રી, અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીના ચરણમાં માથું મૂકીને દર્શન કરીએ છીએ આપણે ખૂબજ ભાગ્યશાળી છીએ.

સત્સંગી માત્રને ગળામાં બેવડી કંઠી ધારણ કરવાની સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. ગળામાં કંઠી એ આપણી ઓળખાણ છે. અક્ષરધામની ટીકીટ (લાઈસન્સ) છે. સવારે વહેલા ઉઠીને પ્રાતઃ સ્મરણમાં ભગવાનને બે હાથ જોડીને ભગવાનની માનસી પૂજા કરીએ. ગળામાં કંઠી હશે તો સ્વામિનારાયણ ભગવાન હૃદયમાં બિરાજશે. ભગવાન પૂજામાં પધારે છે. મંદિરે જઈએ બે હાથ જોડીને ભગવાનને વંદન કરીએ. નીચે બેસીને પંચાગ દંડવત કરીએ. માથું નમાવી એ ત્યારે ગળાની કંઠી પણ ભગવાનની સામે નમે છે. ને હાથ હૃદય પાસે હોય તો કંઠી પણ ભગવાનનું સ્મરણ કરે છે.

ગળામાં તુલસીની કંઠી ધારણ કરીએ તો ગળામાં કફ, શરદી, ગળાની નાની મોટી તકલીફથી આપણું રક્ષણ થાય છે. નાના બાળકના ગળામાં કંઠી પહેરી હશે તો ભગવાન તેનું ચોક્કસ રક્ષણ કરશે. તો બહેનો ગળામાં કંઠી પહેરીને રસોઈ કરીશું, ભગવાનને ધરાવીશું તો ભગવાન આપણો થાળ ચોક્કસ જમવા પધારશે. કંઠી નહીં પહેરી હોય ને તો ગમે એવો થાળ ભગવાનને ધરાવીશું પણ ભગવાન નહીં જમે. રસોઈમાં સ્વાદ પણ નહીં આવે.

ગળામાં કંઠી પહેરી હશે તો તમે દેશ-વિદેશમાં ગમે ત્યાં જાવ તો સામેની વ્યક્તિ તમને જય સ્વામિનારાયણ કહેશે. દરેક બહેનોનો અનુભવ છે. કોઈપણ જગ્યાએ જશો અને કંઠી જોઈ કોઈપણ વ્યક્તિ જય સ્વામિનારાયણ અચૂક બોલશે જ. બહેનો ગળામાં કાયમ કંઠી પહેરજો. મહારાજ આપણને અક્ષરધામમાં જવા માટે લેવા આવશે તો ગળામાં કંઠી હશે તો લઈ જશે નહિતર પછી અહીંયા જ.....

દર અગિયારશે કાલુપુર મંદિર હવેલીમાં બપોરે ૨-૦૦ થી ૪-૦૦ સભા થાય છે. અ.સૌ. પૂ. મોટા ગાદીવાળા, અ.સૌ. પૂ. ગાદીવાળાશ્રી પધારે છે. એમના આપણે દર્શન કરીએ. સાંખ્યયોગી બહેનો ધૂન, કીર્તન, વચનામૃતનું પાન કરાવે છે. સાથે સાથે મોટા ગાદીવાળાશ્રી આપણને વચનામૃતની લીટી લીટી સમજાવે છે. ઘેર જવાનું મન થતુ નથી. ધૂન, કીર્તન, વચનામૃતનું વાચન વિવેચન આરતી થાય છે. પ્રસાદ વહેંચાય છે. બન્ને ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં આખી સભા ખૂબજ દિવ્ય લાગે છે. દર અગિયારશે ૫૦૦ થી વધુ બહેનો સભામાં આવે છે. માટે દરેક બહેનોએ સભાનો અચૂક લાભ લેવો.

આચાર્ય મહારાજશ્રી છે સદા સુખકારી


સંતો ભક્તોને અર્પે છે સદ્‌બોધ વિચારી
એવા આચાર્ય મહારાજ છે સદા સુખકારી
હૃદય દ્રવે તેમનું દીનદુઃખીઓને નિહાળી
સહાયતા બક્ષીને દુઃખીઓનું દુઃખ દે છે ટાળી
સત્સંગ અભ્યુદાર્થે તેઓ દેશ વિદેશમાં ધૂમે
તેમના સાનિધ્યમાં ભક્તો સ્નેહથી ઝૂમે
વહેમ-વ્યસનોથી દૂર રહેવા શીખ આપે
કીર્તિ મહારાજની આજ ચોમેર વ્યાપે
ઝૂકી જાય મસ્તક સ્નેહથી તેઓને નિહાળી
એવા આચાર્ય મહારાજશ્રી મળ્યા છે બહુ ભારી

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

સત્સંગનું ગૌરવ

આપણા શ્રી નરનારાયણદેવ દેશના દશ ગામ લેઉવા પાટીદાર સમાજના ધમાસણા ગામના પ.ભ. ભીખાભાઈ ઈશ્વરભાઈ પટેલના સુપુત્ર શ્રી વત્સલકુમારે માર્ચ ૨૦૦૭માં યોજાયેલ ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૩% માર્ક સાથે ગુજરાતમાં ૬ઠ્ઠા નંબરે અને અમદાવાદમાં ૨ જા નંબરે ઉતિર્ણ થયા છે. જેઓએ આપણા સંપ્રદાય અને તેમના સમાજ અને પરિવારનું ગૌરવ ગરિમા વધાર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

????????????????પ્રશ્નપેટી????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ મહાભારતમાં અર્જુને મચ્છવેધ કર્યો ત્યારે ક્યું નક્ષત્ર હતું ?

પ્રશ્ન : ૨ દશરથ પુત્ર અને હરિપ્રસાદ પુત્રના બાળકેશ ક્યાં ઉતાર્યા હતા ?

પ્રશ્ન : ૩ દેહને દેહનાં સંબંધીના જેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ કેમ થાતી નથી ?

પ્રશ્ન : ૪ જેતલપુરમાં મહારાજ લાલદાસ પટેલના ઘેર કેરીઓ જમ્યા અને અતિ પ્રસન્ન થઈ પછી મહારાજે લાલદાસ પટેલને વર માંગવા કહ્યું તો લાલદાસ પટેલે શો વર માગ્યો ?

પ્રશ્ન : ૫ કેવો સાધુ હિંમત સહિત વાત કરતો હોય તો પણ તેનો ત્યાગ કરવો ?

પ્રશ્ન : ૬ શાસ્ત્રમાં ભક્તિના બે પ્રકાર બતાવ્યા છે તેમાં એક "પરા અને બીજી અપરા" તો આ બે ભક્તિ એટલે શું ?

પ્રશ્ન : ૭ "સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત....."
આ કીર્તનની રચના કે જેમનું સ્થાન સદ્‌ગુરુની પંક્તિમાં છે એવા ક્યા નંદ સંતના મુખેથી થયેલી છે.

મે-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન, તપસ્વી એ છ જણાનું સન્માન કરવું. (શિ. ૬૯) (૨) એક માસ કથા વાર્તા સાંભળવી અને ભજન કરવું. (૩) ૧. મુદિતા, ૨. મૈત્રી, ૩. કરુયા, ૪. ઉપેક્ષા (૪) પૂ. સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણાનંદજી. (૫) સ.ગુ. બ્રહ્માનદં સ્વામી. (૬) અધ્યાય-૪, શ્લોક-૩૭, "ભગવદ્‌ગીતા". (૭) ઋતુકાળ સોળ રાત્રીનો છે. તેમાં દિવસનો નિષેધ છે. રાત્રી તેમાં પ્રથમ ચાર રાત્રીનો ત્યાગ કરવો. ૧. રજસ્વલા સ્ત્રી પહેલા દિવસે ચાંડાળણ, ૨. બીજે દીવસે બ્રહ્મહત્યારી, ૩. ત્રીજે દિવસે ધોબણ, ૪. ચોથે દિવસે સ્નાન કરી શુદ્ધ થાય.

(૧) કંચનબેન, નિલેષ, શૈલેષ બાબુભાઈ પટેલ (મૂળીદેશ-રતનપર)
(૨) સાં.યો. કોકીલાબા, ઉષાબા (શ્રી સ્વા. મંદિર સુરેન્દ્રનગર)
(૩) વિનોદભાઈ પૂંજાભાઈ પટેલ (વહેલાલ)
(૪) અમૃતલાલ કે. મોદી (સોજા)
(૫) ગોરધનભાઈ શંકરલાલ પટેલ (સોજા)
(૬) ધીરુભાઈ કાછડિયા (સ્વા. મંદિર હર્ષદ)
(૭) ભોળાભાઈ આત્મારામ
(૮) હિરજીભાઈ ગંગદાસ કાછડીયા (નવાવાડજ)
(૯) હિંમતલાલ, સોમાભાઈ, નાનજીભાઈ, શંભુભાઈ, ત્રિભોવનભાઈ (નવાવાડજ)
(૧૦) ગૌરીબેન, ઉર્મિલાબેન, પરધાબેન, સવિતાબેન, રેખાબેન, વિજુબેન (નવાવાડજ)
(૧૧) નાગજીભાઈ વલ્લભભાઈ (ચાંદલોડીયા)
(૧૨) હસુબેન કે. ઠક્કર (ઈસનપુર)
(૧૩) અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા)
(૧૪) માધવજીભાઈ આદ્રોજા
(૧૫) સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) "ભક્તિસુધા" શ્રી સ્વામિનારાયણ માસિકમાં સમાવિષ્ટ થયું છે. જેથી ભક્તિસુધામાં લેખ લખતા બહેનોએ શ્રીસ્વામિનારાયણ માસિક કાર્યાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અણદાવાદના સરનામે લેખ મોકલવા.

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસમાં કથા-પારાયણ અને શ્રીનરનારાયણદેવનો પાટોત્સવ

દર ત્રણ વર્ષે આવતા અધિક માસમાં ભક્તજનો માટે ભક્તિ કરવાનું અનેરૂ વાતાવરણ છવાઈ જાય છે. આ વર્ષે પ્રથમ જેઠ માસ અધિક પુરૂષોત્તમ માસમાં આવતા આપણા દરેક તિથિ પ્રમાણેના ઉત્સવો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધામધુમથી ઉજવવાનું આયોજન અમદાવાદ મંદિર દ્વારા પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી કરવામાં આવ્યું છે. જે પ્રસંગમાં સૌ પ્રથમ અમદાવાદ મંદિરમાં તા. ૧૫-૫-૨૦૦૭ થી ૧૯-૫-૨૦૦૭ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ પ.ભ. અ.નિ. જશુમતીબેન (જશુબા) જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે તેમના સુપુત્રો પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ તથા પ.ભ. ડૉ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ (યુ.એસ.એ.) પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ બિરાજીને જ્ઞાન સાથે અદ્‌ભુત કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સહિંતાપાઠના વક્તાપદે શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી બિરાજ્યા હતા.

તા. ૧૯-૫-૨૦૦૭ નો અલૌકિક દિન હતો. ભરત ખંડના અધિષ્ઠાતા સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો અધિક જેઠ સુદ ત્રીજનો પાટોત્સવ મહાભિષેક કેવો ભવ્ય જોગાનુજોગ ! પારાયણની પૂર્ણાહુતિ બન્ને એકજ દિવસ. આ પાટોત્સવના મુખ્ય યજમાન આપણા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી સ્વયં હતા. છતાં તેઓશ્રીની દયાળુતા તો જુઓ કે અમે તો યજમાન પદનો લાભ લઈએ પણ બીજા અમારા ભક્તો જેમને લાભ લેવો હોય તેઓ જરૂર લાભ લઈ શકે છે. જેથી બીજા સહ યજમાનોમાં (૧) અ.નિ. પ.ભ. રૂગનાથભાઈ અમૃતલાલ (લોયાવાળા)ના સ્મરણાર્થે હ. પ.ભ. વસંતલાલ રૂઘનાથભાઈ સોનીના પુત્રો પ.ભ. રમેશભાઈ વસંતલાલ સોની અને પ.ભ. મહેશભાઈ વસંતલાલ સોની પરિવાર (ગોપીનાથ જ્વેલર્સ બાપુનગર રતન પોળ) અમદાવાદ (૨) પ.ભ. ભીખાભાઈ જેઠાભાઈ બ્રહ્મભટ્ટ પરિવાર હ. પ.ભ. ભાસ્કરભાઈ જે. બ્રહ્મભટ્ટ અને પ.ભ. ડૉ. મનોજભાઈ જે. બ્રહ્મભટ્ટ (અમેરિકા) (૩) પ.ભ. વિજયભાઈ કે. ચાવડા હ. પ.ભ. હાર્દિકકુમાર વી. ચાવડા તથા શ્રી મૌનિકભાઈ વી. ચાવડાએ પરિવાર સહિત હોમાત્મક મહાપૂજામાં તા. ૧૮-૫-૦૭ના રોજ દિવ્ય અલૌકિક લાભ લીધો હતો. અને તા. ૧૯-૫-૦૭ના રોજ સવારે ૬-૩૦ કલાકે સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવનો ષોડશોપચાર મહાભિષેક શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો. જેમાં યજમાન પરિવારોએ પૂજન વિધિમાં સુંદર લાભ લીધો. પાટોત્સવના મંગલદિને શ્રી નરનારાયણાદિક દેવોને કિંમતી વસ્ત્ર-અલંકાર સાથે સુંદર પુષ્પના શણગાર ધારણ કરાવીને સુગંધીદાર ઘી થી મઘમઘતા છપ્પનભોગ અન્નકૂટની રચના કરીને મહા નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી હતી. સૌ ભક્તજનોએ નેણા ભરીને દર્શન કરીને ખૂબ આનંદિત થયા હતા ! પ્રાસંગિક સભામાં પાટોત્સવ અને પારાયણના યજમાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરીને રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સભા સંચાલન કરતા પૂજ્ય મહંત સ્વામીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આજના આ દિવ્ય મંગળ પાટોત્સવના મુખ્ય યજમાન પદે આપણા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ બિરાજીને સૌ આશ્રિતોને અલૌકિક દર્શનનો લાભ આપેલ છે. ત્યારબાદ આપણા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી દ્વારા સંશોધન અને અનુવાદ કરેલ. સ.ગુ. વાસુદેવાનંદ વર્ણીકૃત શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથ અંશ : ૪-૫ નું વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ગ્રંથનો સંપૂર્ણ ખર્ચ સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન પંડિત વર્ય સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ. પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના શિષ્ય મંડળ તરફથી

આપવામાં આવેલ છે. જે ગ્રંથનું પ્રૂફ સંસ્કૃતમાં પંડિતવર્યશ્રી વાચસ્પતિ મિશ્રા (પ્રધાનાધ્યાપકશ્રી, શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર વાડી) અને ગુજરાતીમાં આપણા હળવદના પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ મોહનલાલ પાઠક સાહેબે ખૂબજ સેવા ભાવ અને નિષ્ઠાથી કર્યું છે. જેમને પ.પૂ. મોટા મહારાજશ્રીએ હૃદય પૂર્વકના આશીર્વાદ પાઠવ્યા હતા. અન્ય વિદ્વાન સંતોમાં જેતલપુરના મહંત પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, ધોળકા મહંત શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સુંદર દ્રષ્ટાંત સાથે રૂડા આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શન કરીને મહાપ્રસાદ પણ લીધો હતો.

પારાયણ તથા પાટોત્સવના આયોજનમાં કોઠારી સ્વામી તથા વિશ્વવલ્લભદાસજી સ્વામી, આનંદપ્રસાદદાસજી તથા પાર્ષદ ભૂરા ભગત અને કોઠાર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

(કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી)

અમદાવાદના બોપલ મંદિરમાં બીજો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મ ધુરંધર આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા બોપલ મંદિરમાં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૧-૫-૦૭ થી તા. ૧૫-૫-૦૭ પર્યન્ત "શ્રીમદ્ ભક્તચિંતામણી ગ્રંથ"ની રાત્રી પારાયણ શા.સ્વામી સત્યસંકલ્પદાસજી ગુરુ શા.સ્વામી ધર્મવલ્લભદાસજીના વક્તાપદે સુંદર રીતે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બોપલ, આંબલી અને ધુમાના હરિભક્તો કથાનો લાભ લેવા આવતા હતા. મહંત સ્વામી હરિવલ્લભદાસજી, સ્વા. સુવ્રતસ્વરૂપદાસ અને પા. મહેન્દ્ર ભગત અને હરિભક્તોએ મળીને આ વિસ્તારમાં ભવ્ય શોભાયમાન રથ તૈયારી કરી શ્રીહરિની પ્રતિમા સાથે શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. જેનો લાભ હજારો ભક્તજનોએ લઈને કૃત્ય કૃત્ય થયા હતા.

તા. ૧૫-૫-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક-પૂજન અને અન્નકૂટ વેદવિધિસર સંપન્ન થયેલ. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મહારાજશ્રીએ ઉતારી હતી. આ સમગ્ર ઉત્સવના પ્રેરક પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (કાલુપુર મંદિરના ટ્રસ્ટીશ્રી) બોપલ મંદિરના કોઠારી પ.ભ. અમૃતભાઈ પટેલ, પ.ભ. પ્રવિણભાઈ ભાવસાર, પ.ભ. ગોવિંદભાઈ બારસીયા, પ.ભ. રસિકભાઈ એસ. પટેલ રહ્યા હતા. આ પાટોત્સવના યજમાન પદે પ.ભ. રતીભાઈ પટેલના સ્નેહી મિત્ર પરોક્ષના શ્રી ખુશાલભાઈ સોમાભાઈ પટેલ ધુમાવાળાએ અલૌકિક લાભ લઈને જીવનને ધન્ય બનાવ્યું હતું. જેમના પર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ રાજી અને પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા હતા. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (ગાંધીનગર સેક્ટર-૨૩) ઉજવાયેલ જપયજ્ઞ અને ૧૩૧ ભક્ત ચિંતામણી પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર ૨૩ ખાતે પવિત્ર પુરૂષોત્તમ માસ ધામધુમથી ઉજવાઈ રહ્યો છે. રોજે સાંજે એક કલાક અખંડ મંત્ર જાપમાં સંત હરિભક્તો ખૂબજ ઉત્સાહથી ધૂન્ય કરે

શ્રી નરનારાયણદેવના નિજ મંદિરનો સેવા યજ્ઞ

સર્વ સત્સંગ સમાજને જણાવવાનું કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલા પરમકૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવનું સુંદર મંદિર સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ત્રણ શિખરનું સુંદર શ્રીહરિએ બતાવેલા નકશા પ્રમાણે બનાવ્યું છે.

આ ભવ્ય મંદિર નિર્માણને ૧૮૫ વર્ષ જેટલો સમય થયો જેથી તેમાં સમય સંજોગો અનુસાર જીર્ણોધ્ધાર કરવાનો વિચાર કરેલ છે. જેમાં સંપૂર્ણ મંદિરમાં ઘુમટ સહિત ફ્લોરીંગમાં સફેદ મારબલ લગાવવાની યોજના છે. અને મંદિરના ફરતા પ્લીંથને પણ નવીનતાથી મજબુત અને શિલ્પ પ્રમાણે સોમપુરાના શાસ્ત્ર પ્રમાણે નવેસરથી કામ થશે. આ અલભ્ય સેવાનો લાભ દરેક હરિભક્તોએ અવશ્ય લેવો. તેની રકમ કોઠારમાં જમા કરાવીને પાકી પાવતી મેળવી લેવી. વિશેષ વિગત માટે મહંત સ્વામીને રૂબરૂ મળવું

- લી. આજ્ઞાથી

છે. સાથે સાથે એકાદશીના દિને ઠાકોરજીને મહાભિષેક, મહાપૂજન અને મહા આરતીનું સુંદર આયોજન કરવામાં આવેલ. અહીંના ઉત્સાહી સત્સંગી બહેનોએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે અનોખી રીતે ભક્ત ચિંતામણી ની ૧૩૧ પારાયણ કરી સમગ્ર ગાંધીનગરમાં સત્સંગીના ઘરે ઘરે કોઈપણ જાતના સ્વાર્થ વગર પુરાભક્તિ ભાવથી લગભગ ૧૦૦ જેટલા બહેનો સમૂહમાં બેસીને પારાયણ કરે છે. ઘરના કામનું સિડ્યુલ ગોઠવીને સમય ફાળવીને આ ભક્તિયાત્રામાં સૌ ઉત્સાહ અને પ્રેમથી જોડાઈને લાભ લે છે. જેને ભજન જ કરવું છે. તેને કોઈ જાતની મુશ્કેલી નથી. ખરેખર ભક્તિયાગમાંથી પ્રેરણા મળે છે. પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા થતી આવી પ્રવૃત્તિ અભિનંદનને પાત્ર છે. *(બાબુભાઈ જે. પટેલ)*

લુણાવાડામાં નૂતન મંદિરની ખાત વિધિ

શ્રી નરનારાયણદેવ તાબાના પંચમહાલના લુણાવાડા શહેરમાં શ્રીહરિ સમકાલિન સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલ અને હરિ મંદિરનું નિર્માણ કરેલ. અહીંયા બ્રાહ્મણોનો સત્સંગ શ્રી નરનારાયણદેવ પરત્વે નિયમ, નિશ્ચય અને પક્ષ વાળો ખૂબજ જાણીતો છે. શ્રી નરનારાયણદેવના નિજ મંદિરમાં પ્રસાદીના દરવાજા લુણાવાડાના મંદિરમાં રાખવામાં આવેલ છે. અહીંના પ.ભ. શિવશંકરભાઈ ગોપાલભાઈ દવે અને પ.ભ. રમણલાલ અંબાલાલ ભટ્ટ જેવા અનેક હરિભક્તોએ સંપ્રદાયમાં સાહિત્ય અને વહીવટી ક્ષેત્રે ઉત્તમ સેવા આપી છે. પંચમહાલ જીલ્લાનું મુખ્ય મથક હોવાથી અત્રે શહેરનો ખૂબજ વિકાશ થયો છે. જેથી કોટ વિસ્તારમાં ભીડ ખૂબજ વધી છે. જેના કારણે હરિભક્તોના રહેઠાણ પરાવિસ્તારમાં થયા છે. હરિભક્તોએ પરિવારમાં સત્સંગના સંસ્કારો જળવાઈ રહે અને નાના મોટા સર્વે હરિભક્તોને ચાલતા ચાલતા મંદિરમાં જવાય તે માટે છપૈયા ધામ સોસાયટીમાં ૧૨૫ બંગલાની બધાજ સત્સંગીઓના રહેઠાણ વાળી સોસાયટીમાં પાંચ પ્લોટ શ્રી નરનારાયણદેવને અર્પણ કર્યા અને તેનો પાકો દસ્તાવેજ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના નામે કર્યો. જેમાં નૂતન નવ્ય ભવ્ય મંદિર નિર્માણ કરવા માટે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૨૯-૪-૨૦૦૭ના સવારે ૯-૦૦ કલાકે શિલાન્યાસ વિધિ ધામધુમથી સંપન્ન થયો. જેમાં ભાઈઓનું મંદિર, બહેનોનું મંદિર અને સમાજની વાડીનું અલગ અલગ નિર્માણ થશે. આ પ્રસંગે જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી સંતમંડળ સાથે આયોજન માટે પધાર્યા હતા. તથા નારાયણ મુનિ સ્વામીનું સંત મંડળ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યું હતું. ઝાડી દેશના હરિભક્તો વિશાળ સંખ્યામાં લાભ લેવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી થઈને ઝાડી દેશના હરિભક્તોની નિષ્ઠાની પ્રશંસા કરીને આશીર્વાદ આપ્યા હતા. *(રસિકલાલ બી. કાછીયા, ઘનશ્યામભાઈ કાછીયા)*

ધોળકા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અત્રે ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વૈશાખ વદ-પને તા. ૭-૫-૨૦૦૭ના રોજ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૮૧ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીને ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયેલ. આ પાટોત્સવ સ.ગુ. મહંત સ્વામી શ્રી જગતપ્રકાશદાસજી અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ.અ.નિ. ગોવિંદલાલ પ્રેમચંદભાઈ સોની, પ.ભ.અનિ. ચંપાબેન ગોવિંદલાલ સોની (પાટણવાળા)ના સ્મરણાર્થે તેમના પરિવારના શ્રી જસવંતલાલ સોની, શ્રી કાંતિલાલ સોની, શ્રી હેમાંગભાઈ, શ્રી ભાસ્કરભાઈ અને શ્રી યોગેશભાઈ આદેસરાએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં સભા સંચાલક સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, મહંત સ્વામી અને અન્ય વિદ્વાન સંતોએ ઠાકોરજી અને આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મૂળીથી સ.ગુ. હરિસ્વરૂપ સ્વામી આદિ સંતમંડળ સેવામાં પધાર્યા હતા.

(પા. ભરત ભગત, મૂળી)

અરોડા (ઈડર દેશ)

અત્રે ઈડર દેશના અરોડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઠાકોરજીનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ. જેઠાભાઈ જેશંગભાઈ પરિવારે મહાપૂજા

આદિ પ્રસંગમાં લાભ લીધો હતો. તા. ૨૧-૪-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ ઠાકરોજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ઈડર મંદિરના મહંત સ્વામી, હિંમતનગર મંદિરના મહંત સ્વામી, સોકલી ગુરુકુળના સંતો અને શા. ભક્તિવલ્લભદાસજીએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપીને યજમાનની સેવાને બિરદાવી હતી. *(પૂજારી કપીલ સ્વામી)*

ફિંચોડ (ઈડર દેશ)

અત્રે ફિંચોડ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૯ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી ધામધુમથી ઉજવાયો હતો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૨-૪-૦૭ થી તા. ૨૬-૪-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન કરેલ. જેના વક્તાપદે સ.ગુ.શા. સ્વામી હરિજીવનદાસજી તથા શા. સ્વામી ભક્તિવલ્લભદાસજીએ સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું.

તા. ૨૬-૪-૦૭ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ઉસ્માભર્યું સ્વાગત સામૈયું કરીને પ.પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં સંતોએ પુષ્પહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સૌ ભક્તજનોએ પુષ્પહારથી પૂજન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે પ.ભ. વિનુભાઈ સી. પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના સેવાભાવી યુવકોએ સારી સેવા બજાવી હતી. ઈડર દેશના હરિ મંદિરના કોઠારીશ્રીઓએ પ.પૂ. મહારાજશ્રીનું પુષ્પહારથી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ, પ્રાંતિજ, હિંમતનગર, સાપાવાડા અને મૂળીના સંતોએ સભાને સંબોધી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજનનું સંચાલન મહંત શા. સ્વામી આનંદજીવનદાસે (હિંમતનગર) કર્યું હતું. *(સાધુ જીવનદાસ, ઈડર)*

પવિત્ર અધિક માસમાં માણસા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરાવાળા)ની પ્રેરણાથી અત્રે પવિત્ર અધિક માસમાં માણસા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ-અભિષેક અધિક જેઠ સુદ-૬ના રોજ ષોડશોપચાર મહાવિધિપૂર્વક સ.ગુ. સ્વામીશ્રી જગતપ્રકાશદાસજીના વરદ્ હસ્તે સુંદર રીતે ઉજવાયો હતો. માણસા અને આજુબાજુના ગામના હરિભક્તોએ દર્શન કરી દિવ્ય લાભ લીધો હતો. મહંત સ્વામીના શિષ્ય પૂર્ણપ્રકાશ સ્વામી પવિત્ર અધિક માસમાં નિત્યે કથામૃત પાન કરાવે છે. ધર્મવંશીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(શા. ભક્તિકેશવદાસ)

મેઘાણીનગરમાં અવિરત ચાલતી બાળ સભા

અત્રે મેઘાણીનગર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી છેલ્લા ૧૧ વરસથી દર રવિવારના સવારના ૧૦ થી ૧૧ નિયમિત બાળ સભા ચાલે છે. બાળકોને સત્સંગના સંસ્કાર સાથે અભ્યાસમાં ઉપયોગી પેન, પેન્સીલ, કંપાસ, નોટબુક અને પ્રસાદ આપવામાં આવે છે. જેનું સંચાલન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કરે છે.

(રણછોડભાઈ પટેલ)

મેમનગર-ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સાં.યો. કમળાબાની પ્રેરણાથી અત્રે મેમનગર (અમદાવાદ) ભક્તિનગર સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગની વિશેષ જાગૃતિ માટે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ તા. ૧-૫-૦૭ થી તા. ૫-૫-૦૭ પર્યન્ત સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)ના વક્તાપદે થઈ હતી. ભક્તિમંડળના બેનોના માર્ગદર્શન-પ્રેરણાથી તા. ૧-૫-૦૭ ના શુભ દિને પ.પૂ. ગાદીવાળાશ્રીના શુભ વરદ્ હસ્તે પારાયણનો દિપ પ્રગટાવીને પ્રારંભ કર્યો હતો.

તા. ૫-૫-૦૭ના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે ધામોધામના

સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા ને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. સત્સંગી બહેનોએ દર્શનનો અમૂલ્ય લાભ લઈ દિવ્યતા પ્રાપ્ત કરી હતી.

(રેખાબેન તથા વર્ષાબેન સોની)

માણસા બાઈઓના મંદિરમાં અખંડ ધૂન

અત્રે માણસા બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક પુરૂષોત્તમ માસ નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા માણસાના મહંત સ્વામી શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ્થાનિક હરિભક્તોના સહયોગથી બહેનોએ અધિક જેઠ સુદ-૧૧ એકાદશીના શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૪ કલાકની અખંડ ધૂન્ય કરી હતી. જેમાં બહેનોએ મોટી સંખ્યામાં ધૂનમાં લાભ લીધો હતો.

(પ.ભ. ઈશ્વરભાઈ પટેલ)

હિંમતનગર

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સાંખ્યયોગી કમળાબાની પ્રેરણાથી અત્રે હિંમતનગર ગામમાં સત્સંગની વિશેષ જાગૃતિ માટે તા. ૨૧-૩-૦૭ થી તા. ૨૫-૩-૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાં.યો. કોકિલાબા (સુરેન્દ્રનગર)ના વક્તાપદે થઈ હતી.

તા. ૨૫-૩-૦૭ના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે ઘામોધામના સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. કથાના યજમાનપદે મંજુલાબેન પી. પટેલ ના પરિવારે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

(ઉષાબેન પટેલ)

વિહાર મંદિરમાં પ્રથમ પાટોત્સવ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે વિહાર ગામના બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. વિહાર મંદિરના સાંખ્યયોગી બાઈઓ તથા સત્સંગી બહેનોના માર્ગદર્શન હેઠળ તા. ૨૯-૪-૦૭ થી તા. ૧-૫-૦૭ પર્યન્ત 'ભક્તિનિધિ' શાસ્ત્રની ત્રિદિનાત્મક પારાયણ સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે ધામોધામના સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા ને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

પ્રથમ પાટોત્સવ પ્રસંગે તા. ૧-૫-૦૭ના રોજ મહાપૂજા-અભિષેક અન્નકૂટ આદિ વિધિપૂર્વક કરવામાં સાંખ્યયોગી અને સત્સંગી બેનોએ સુંદર લાભ લીધો હતો. પછી બેન અને તારાબેનની સેવા પ્રશંસનીય હતી.

(નર્મદાબેન)

કોઠ ગામમાં સત્સંગ સભા

શ્રીજી મહારાજના ચરણોથી અંકિત થયેલી પવિત્ર ભૂમિ જ્યાં સ્વામિનારાયણ ભગવાન ત્રણ-ત્રણ વખત પધારેલા છે એવા કોઠ ગામમાં (કોઠ-ગાંગડ) - ગણેશ ધોળકાની બાજુમાં આવેલ ગામ ગણેશ-ધોળકાની ઈતિહાસ કેવી રીતે ભૂલાય ! જ્યારે શ્રીજી મહારાજે કાલુપુર મંદિરમાં "શ્રી નરનારાયણદેવ પધરાવ્યા" ત્યારબાદ બધુંજ વિસારવા માટે મહારાજ રાયણના વૃક્ષ નીચે વિસામો કર્યો હતો. ગણેશ-ધોળકાની બાજુનાં કોઠ ગામમાં તા. ૧૯-૫-૨૦૦૭ થી તા. ૨૦-૫-૨૦૦૭ના બે દિવસ દિવ્ય સત્સંગ સભાનું આયોજન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ. અરવિંદભાઈ તથા સત્સંગી હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્સંગ સભામાં સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ. પૂ. પી.પી. સ્વામીએ (જેતલપુરધામ) વચનામૃતના રહસ્યોની, ઉપાસનાની, નિયમ, નિષ્ઠા અને પક્ષની ખૂબજ સુંદર કથા કરી ભક્તજનોને દિવ્ય લાભ આપ્યો હતો. આ પ્રસંગે ધોળકા મંદિરના મહંત સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, મહંતશ્રી મુનિ સ્વામી તથા જેતલપુરના મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી, શ્યામચરણ સ્વામી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ દિવ્ય સત્સંગ સભામાં ૧૦૦૦ હરિભક્તોએ લાભ લીધો હતો.

(શાસ્ત્રી ભક્તિનંદનદાસ)

નારણઘાટ મંદિરમાં અધિક પુરૂષોત્તમ માસમાં રાત્રી પારાયણ યોજાઈ

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત અલૌકિક દિવ્ય તીર્થભૂમિ નારણઘાટના ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અત્રેના યુવા ઉત્સાહી મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અધિક પુરૂષોત્તમ માસમાં તા. ૧૭-૫-૦૭ થી તા. ૨૫-૫-૦૭ પર્યન્ત રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦ શ્રીમદ્ સત્સંગિ ભૂષણ કથા પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સુમધુર સંગીત સાથે થઈ હતી. જેમાં નારાયણઘાટ, શાહીબાગ, વાડજ, રાણીપ, સાબરમતી અને

મેઘાણીનગરના ૨૦૦૦ થી પણ વધારે શ્રોતાગણે દિવ્ય લાભ લઈ ધન્ય બન્યા હતા. કથા બાદ સૌ ભક્તોને પ્રસાદ અને સરબત આપવામાં આવેલ. સભા સંચાલન નાના પી.પી. સ્વામીએ કર્યું હતું. *(શા.સ્વા. હરિકૃષ્ણદાસજી)*

મથુરા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મથુરાના મહંત સ.ગુ. સ્વામી આનંદપ્રસાદદાસજી તથા મહંત સ્વામી ભાનુપ્રકાશદાસજીની પ્રેરણાથી વૈશાખ સુદ-૧૦ ગુરુવાર ને તા. ૨૬-૪-૨૦૦૭ના રોજ શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

ઘનશ્યામનગરમાં (તા. હળવદ) શ્રી હનુમાનજી મહારાજની રજતજયંતી મહોત્સવ

અત્રે હળવદ તાલુકાના ઘનશ્યામનગર ગામે પ્રસ્થાપિત શ્રી હનુમાનજી મહારાજની રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૭-૫-૦૭ થી તા. ૯-૫-૦૭ દરમ્યાન ત્રણ દિવસની શિબિર યોજવામાં આવી હતી. જેમાં જુદાં જુદાં વક્તાઓએ શ્રી નરનારાયણદેવ ગાદીને અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવને વફાદાર રહીને પ્રવૃતિ કરવા ખાસ અનુરોધ કરેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બજરંગ દળના યુવકોએ ખડે પગે સેવા બજાવી હતી.

આ પ્રસંગે તા. ૯-૫-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વદર્ હસ્તે શ્રી હનુમાનજી મહારાજનો રજત-જયંતી મહોત્સવ આરતી-અન્નકૂટ આદિ ધામધુમપૂર્વક સંપન્ન થયા હતા. પ્રાસંગિક સભામાં બાળકોએ સુંદર શૈલીમાં પ્રવચન કર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રીજી સ્વરૂપદાસ આ પ્રસંગના આયોજક હતા. સભા સંચાલન સ્વામી ભક્તિવિહારીદાસે કર્યું હતું.

(કણઝરીયા ગોરધનભાઈ)

શ્રી સ્વામિનારાયણ મંદિર વેગડવાવ

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બહેનોના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૨-૫-૦૭ થી તા. ૧૪-૫-૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક કથા પારાયણ અને વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવેલ. તા. ૧૪-૫-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ હતી. પ્રસંગના પ્રેરક શ્રીજી સ્વરૂપ સ્વામી રહ્યા હતા.

(તારબુંદીયા રમેશ)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીંયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા દરેક ઉત્સવો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞા આશીર્વાદથી ખૂબજ ધામધુમથી ઉજવાય છે. ચૈત્ર સુદ પૂનમના શ્રી હનુમાન જયંતી નિમિત્તે સુંદર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. સાથે સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ પણ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો. આ પ્રસંગે બોર્ડ ઓફ એજ્યુકેશન એડીસન ન્યુજર્સીથી શ્રીમતી વીણા આયર દર્શને પધાર્યા હતા. તેમનું મંદિર તરફથી સન્માન કરવામાં આવેલ. સભામાં શ્રી હનુમાનજીની પૂજન-આરતી ભક્તોએ વિધિવત કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરીને ભેટ ધરી હતી. સંતોએ આ પ્રસંગે ધર્મકુળ મહિમાની સુંદર કથા દ્રષ્ટાંત સાથે કહી હતી. સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આખા વિશ્વમાં સર્વોપરિ મૂળ સંપ્રદાયનો પ્રચાર રાત દિવસ જોયા વિના કર્યો છે. ક્યારેય નિરાંતે પોતાના નિવાસ સ્થાને બેઠા નથી. હાલ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃત્તિમાં સતત પ્રવૃત છે. હરિભક્તોને તેમાં યોગદાન આપવા ખાસ અનુરોધ કરવામાં આવેલ. આપણી સેવા સંસ્થા દ્વારા વુડબ્રીજ ટાઉન શીપ હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા નેશનલ બોન મેરો ડ્રાઈવ આનંદ પટેલના લાઈફ માટે યોજાયેલ છે. તો તેમાં સૌ ભક્તોને હેલ્પ કરવા પૂ. મહારાજશ્રીએ ખાસ આજ્ઞા કરી છે. સેવા કરનાર સૌ ભક્તોનું મહંત સ્વામીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. પ.ભ. કમલેશભાઈના માતુશ્રીના સુંદર સારા સ્વાસ્થ્ય માટે શ્રીહરિ નામ સ્મરણ ધૂન કરવામાં આવી હતી. અત્રે જ્ઞાન સ્વામી કથા વાર્તાનું સુંદર સુખ આપે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી અનીલકુમાર (કોઠાર સ્ટાફ)ના ભાઈ સંજયકુમાર જયંતીભાઈ પટેલના શુભ લગ્ન પ્રસંગે	અજરાપુરા
૧૦૧-૦૦	શ્રી હંસાબેન તથા હર્ષદભાઈ પટેલના સુપુત્ર ચિ. જસ્મિન તથા ચિ. છાયાના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૧૦૦-૦૦	શ્રી જયંતીલાલ તુલસીદાસ સોની ચિ. પૌત્રી ધુમીને શ્રી સહજાનંદ સ્કુલમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ મોતીભાઈ મીસ્ત્રી નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે	રાણીપ
૧૦૦-૦૦	શ્રી રાયજીભાઈ નાથાભાઈ પટેલ શ્રીજી ટ્રેડીંગના ઉદ્‌ઘાટન નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ ભગવાનજી ટાંક લગ્ન નિમિત્તે	જીરાગઢ
૧૫૧-૦૦	ડૉ. અલ્પેશ નારણદાસ પટેલ ચિ. ખુશના જન્મદિન નિમિત્તે	ચરાડા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વિહારવાળા
૨૫૦-૦૦	શ્રી વિષ્ણુભાઈ આશાભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	શ્રી વસંતકુમાર કેશવલાલ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦	શ્રી ગોવિંદભાઈ રણછોડદાસ પટેલ અમેરિકાના વિસા મળ્યા તે નિમિત્તે	ઈટાદરા
૧૦૧-૦૦	ડૉ. નિકુંજભાઈ ઘનશ્યામભાઈ (આરીવાળા) રેડિયોલોજીસ્ટમાં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી માવજી કાનજી મનાણી ચિ. ભરત તથા ચિ. રેખાના લગ્ન નિમિત્તે	જીરાગઢ
૨૦૧-૦૦	શ્રી રમેશ બાબુલાલ ઠક્કર ચિ. જાગૃતિબેન - કલ્પેશકુમારના શુભ લગ્ન પ્રસંગે	ઉરણ (નવી મુંબઈ)
૨૫૧-૦૦	શ્રી ધીરેનભાઈ જે. ઠક્કર લગ્ન પ્રસંગે	પૂના
૧૦૧-૦૦	ઘનશ્યામ એજન્સી (નિલકંઠ - દિપક મોદી) વેસ્ટર્ન યુનિયન એજન્સી મળી તે નિમિત્તે	પ્રાંતીજ
૧૦૧-૦૦	શ્રી રોહિતકુમાર દશરથલાલ મોદી નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે (હા. ધવલ)	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ગીતાબેન રોહિતકુમાર મોદી વેસ્ટર્ન યુનિ.ની એજન્સી મળી તે નિમિત્તે (હા. ધ્રુવીલ)	દહેગામ
૨૫૧-૦૦	શ્રી સુખાભાઈ નાનજીભાઈ સાપરીયા ચિ. જીતુ અને અલ્પાના લગ્ન પ્રસંગે	સુરત (જામસર)
૧૦૧-૦૦	શ્રી પરસોતમભાઈ ધનજીભાઈ ચોટલીયા ચિ. જીગ્નેશના લગ્ન પ્રસંગે	સુરત (ધૂડકોટ)
૧૦૧-૦૦	શ્રી કુંવરજીભાઈ હરજીભાઈ પરમાર ચિ. પુત્રી ચેતનાના લગ્ન પ્રસંગે	સુરત (જામસર)
૧૦૧-૦૦	શ્રી જનાર્દનકુમાર અરજણભાઈ મોરી બોપલમાં નવા મકાનના વાસ્તુ નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	શ્રી નારાયણભાઈ વાલજીભાઈ રાઠોડ શ્રીજી પ્રસન્નાર્થે	નવસારી (જીરાગઢ)
૧૦૧-૦૦	શ્રી મંજુલાબેન અને શ્રીરાજુભાઈના જન્મદિન નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	શ્રી રીટાબેન જયંતીલાલ મોદી નવી ગાડી લીધી તે નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી સહજાનંદ ટ્રેડર્સ શ્રીજી પ્રસન્નાર્થે	ખારોલ
૧૦૧-૦૦	શ્રી મંગળભાઈ કાલીદાસ પટેલ ચિ. ભાણાના જન્મ નિમિત્તે	ખારોલ
૧૦૧-૦૦	શ્રી નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા બોપલમાં મકાન લીધું તે નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦	શ્રી રિતેશકુમાર મંગળભાઈપટેલ બી.એડમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦	શ્રી ભીખાભાઈ દરજીની સુપુત્રી ચિ. હેતલને ત્યાં ભાણાના જન્મ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ગોરલ બેનના લગ્ન નિમિત્તે	ડાંગરવા (અમેરિકા)
૧૦૧-૦૦	શ્રી પરાક્રમસિંહ કહળસિંહ ઝાલા ચિ. ભરતસિંહને ત્યાં પુત્રના જન્મ પ્રસંગે (૨૯-૪-૦૭)	કમાલપુર (ભાલ)
૧૦૦-૦૦	શ્રી વાસુદેવભાઈ ભીખાલાલ વ્યાસ શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	ધોળકા
૧૦૦-૦૦	અ.નિ. હિરાબેન ગિરધરદાસના સ્મરણાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦	શ્રી જસુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધમાસણા
૧૦૧-૦૦	શ્રી રમાબેન ટાંક તથા રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ-મુંબઈ
૨૦૦-૦૦	ચિ. બ્રિજેશ લંડન ગયા તે નિમિત્તે અને પ્રથમ પગાર નિમિત્તે	(ચલોડા) અમદાવાદ

૧૫૧-૦૦ શ્રી રસિકભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. પિયુષભાઈના લગ્ન નિમિત્તે મોખાસણ (અમેરિકા)
૧૦૧-૦૦ શ્રી હિંમતલાલ પરસોતમદાસ ડોડીયા શ્રી નરનારાયણદેવની કૃપાથી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧-૦૦ ચિ. અંકુરને ત્યાં પુત્ર વર્ણીના જન્મ નિમિત્તે અસલાલી
૧૫૧-૦૦ શ્રી યુગ અનીલભાઈ વેકરીયા શ્રીહરિકૃપાથી સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે સુરત
૧૦૧-૦૦ શ્રી ભરતાજી દાજીજી ડાભી ભાણેજ રવિન્દ્ર ચાવડાને નોકરી મળી તે નિમિત્તે ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી દિવ્યાંગભાઈ મનુભાઈ ભંડેરી નવો ફલેટ લીધો તે નિમિત્તે અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મહેશભાઈ જીવરાજભાઈ વરૂ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી જગદીશભાઈ બચુભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી મહેશભાઈ બચુભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી મુક્તાબેન બચુભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ પાર્લા (ધૂળકોટ)
૧૦૧-૦૦ શ્રી મગનભાઈ વેલજીભાઈ ગાંગાણી શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભગવાનજી નાથાલાલ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે પૂના
૧૦૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર બાળકૃષ્ણ ઉપાધ્યાય શ્રીજી પ્રસન્નાર્થે બોપલ
૧૦૧-૦૦ શ્રી દર્શન પ્રવિણભાઈ પટેલ જન્મદિન નિમિત્તે (૧૮-૫-૯૩) અમદાવાદ (વડુવાળા)
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ ભગવાનજી ટાંક શુભ લગ્ન પ્રસંગે (બોડકા) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી રેખાબેન જેઠાભાઈ સાપરીયા શુભ લગ્ન પ્રસંગે (ધૂળકોટ) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી યોગેશભાઈ જયંતીલાલ ભાવસાર નવા મકાનમાં પ્રવેશ નિમિત્તે
૧૦૦૧-૦૦ શ્રી હિરાભાઈ કોદ્યાભાઈ પટેલ મરચાની વાડી કરી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળની પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧-૦૦ શ્રી સોમાભાઈ છગનભાઈ વાળંદ કોલેજની નોકરીના પ્રથમ પગાર નિમિત્તે કોઠંબા
૧૦૧-૦૦ શ્રી રળિયાતબેન કાનજીભાઈ માધવજી ચૌહાણ ચિ. અલ્પાના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧-૦૦ શ્રી કંચનબેન નરસીભાઈ મોહનભાઈ પરમાર ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે જામસર
૧૦૧-૦૦ શ્રી કેવલ અમૃતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૫૧-૦૦ શ્રી રાજેન્દ્રભાઈ દેવચંદભાઈ સોની ચિ. ધિમેનના લગ્ન પ્રસંગે માધાપર (કચ્છ)
૧૦૧-૦૦ શ્રી હરિશભાઈ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦-૦૦ શ્રી નિલેશ હરિકૃષ્ણભાઈ બી. ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૨% ટકાએ ઉતિર્ણ થયા તે નિમિત્તે વિહારવાળા
૧૧૧-૦૦ શ્રી જસવંતલાલ કેશવલાલ નાઈ ચિ. પ્રશાંતકુમારને ત્યાં પુત્રના જન્મ પ્રસંગે ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી દ્વારકાભાઈ હેમરાજદાસ પટેલ નવું ફ્રિજ તથા ઘરઘંટી લાવ્યા તે નિમિત્તે કરશનપુરા
૧૦૧-૦૦ શ્રી ભૂપેન્દ્રભાઈ જે. પટેલ ચિ. હેતલના જિજ્ઞેશકુમાર સાથે સગાઈ નિમિત્તે ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રભાઈ જયંતીલાલ વડોદરીયા નવું એ.સી. લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ પંચાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧-૦૦ પટેલ હિરલબેન નારણભાઈ જન્મદિન નિમિત્તે વડુ
૧૦૦-૦૦ શ્રી ચિરાગ શૈલેષભાઈ પટેલ (શ્રધ્ધા કેસેટ કું.) ધો.૬ માં ૭૫% આવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નરેશભાઈ નારણભાઈ બહેરીનમાં ફોરવીલનું લાયસન્સ મળ્યું તે નિમિત્તે જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ નારણભાઈ રાઠોડ બહેરીન ગયા તે નિમિત્તે જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી વિશાલભાઈ મુકેશભાઈ રાઠોડના સ્મરણાર્થે જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ નરેશભાઈ ચિ. હેનાબેનની સગાઈ નિમિત્તે જીરાગઢ
૧૫૧-૦૦ શ્રી મુકેશકુમાર કાંતિલાલ અધિકમાસમાં શ્રીહરિ પ્રસન્નાર્થે કલોલ
૧૦૧-૦૦ શ્રી જીજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટર પ્રાઈઝ બિજનેશ નિમિત્તે કલોલ
૧૧૧-૦૦ શ્રી ગાંડાભાઈ ઈશ્વરદાસ પટેલ ચિ. પુલકિતને ઓસ્ટ્રેલીયાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે વેડા
૧૦૧-૦૦ શ્રી શશાંક નરોતમભાઈ ચાવડા શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૦૧-૦૦ શ્રી સરોજબેન મુકુન્દભાઈ સોની જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર ખુશાલદાસ સોની ચિ. અવનીબેનના લગ્ન પ્રસંગે અમદાવાદ

૧૦૧-૦૦ શ્રી કુમુદચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય અધિક માસના પાટોત્સવ નિમિત્તે કાંકરિયા
૧૦૧-૦૦ શ્રી કાંતિભાઈ નરોતમદાસ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે સુરત (મોટપવાળા)
૧૦૧-૦૦ શ્રી કાનભાઈ અરજણભાઈ જાદવ શ્રીજી પ્રસન્નાર્થે વેજળકા
૧૦૧-૦૦ શ્રી હાર્દિકકુમાર મનહરભાઈ શુભ લગ્ન પ્રસંગે ધનસુરા
૧૦૦-૦૦ અ.નિ. કીર્તિકુમાર પોપટલાલ શાહ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦-૦૦ અ.નિ. શ્રી સતીષચંદ્ર રમણલાલ પટેલ પુણ્યતિથિ નિમિત્તે જમીયતપુરા
૧૦૦-૦૦ શ્રી દર્શનકુમાર નિલેશભાઈ દયાળજીભાઈ ટાંક જન્મદિન પ્રસંગે સુરત (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી માલતીબેન એ. જોશી અધિક માસ નિમિત્તે અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી મિત મહેશકુમાર પટેલ જન્મદિન નિમિત્તે સોજા
૧૦૦-૦૦ શ્રી બળદેવભાઈ જોઈતારામ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે મારૂસણા
૧૦૧-૦૦ શ્રી ભરત કનૈયાલાલ ચૌહાણ પુત્ર અને પુત્રી પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૫૦-૦૦ શ્રી મિલન અશોકભાઈ પટેલ ધો.-૧૨માં ૬૫% એ પાસ થયા તે નિમિત્તે ડિંગુચા
૧૦૧-૦૦ શ્રી કેતનભાઈ બાબુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા (ખેરોલ)
૧૦૧-૦૦ શ્રી મનસુખભાઈ હીરજીભાઈ સાપરીયા શ્રીહરિકૃપાથી મારૂતીઝેન લાવ્યા તે નિમિત્તે(ધૂળકોટવાળા) રાજકોટ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

વૈશાખ સુદ-૫ અ.નિ.સ.ગુ. નરહરિપ્રસાદદાસજી સ્વામીની ત્રયોદશા નિમિત્તે (હ. પૂ.પી.પી. સ્વામી). **વૈશાખ સુદ-૬** અ.નિ. રમણભાઈ જેશંગભાઈ (હ. મુકેશભાઈ રમણભાઈ) બાલવા. **વૈશાખ સુદ-૮** પ.ભ. હિરાલાલ વેલજીભાઈ પટેલ. **વૈશાખ સુદ-૯** પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (મેમ્બરશ્રી) અમદાવાદ. **વૈશાખ સુદ-૧૦** પ.ભ. દશરથભાઈ વી. પટેલ ● પ.ભ. ઘનશ્યામ ભગત. **વૈશાખ સુદ-૧૨** પ.ભ. જમનાબેન કરશનભાઈ પટેલ ખંડેરાવપુરા ● પ.ભ. મહેન્દ્રભાઈ તથા પ.ભ. બીનાબેન. **વૈશાખ સુદ-૧૩** પ.ભ. અમૃતભાઈ પરસોત્તમદાસ

વૈશાખ વદ-૪ પ.ભ. વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલ. **વૈશાખ વદ-૫** પ.ભ. સંજયભાઈ જયંતિભાઈ મનાણી. **વૈશાખ વદ-૯** પ.ભ. રમણ ભગત (ખોખરા મંદિર). **વૈશાખ વદ-૧૨** પ.ભ. પંચાલ કનૈયાલાલ અંબાલાલ ● અ.નિ. વેલજીભાઈ ધનજીભાઈ. **વૈશાખ વદ-૧૩** પ.ભ. અ.નિ. જસુમતીબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ નિમિત્તે પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ (સવાર-સાંજ). **વૈશાખ વદ-૩૦** પ.ભ. અ.નિ. જસુમતીબેન જયદેવભાઈ બ્રહ્મભટ્ટના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ નિમિત્તે પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજનીય વંદનીય અને શ્રીરાધાકૃષ્ણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી દેવચરણદાસજી (સ્વામિનારાયણ સહિંતાગ્રંથ કર્તા)ના એક માત્ર શિષ્ય સાધુ હરિજીવનદાસજી તા. ૧૮-૫-૦૭ના રોજ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (રાણીપ) : પ.ભ. કનૈયાલાલ અંબાલાલ પંચાલ (ઉનાવાવાળા) તા. ૨૮-૪-૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. તારાબેન અંબાલાલ મહેતા શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


મણીપુરા (વિરમગામ) : પ.ભ. હર્ષદભાઈ હરિભાઈ રાવળ તા. ૧૯-૪-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. નિરંજનાબેન અશ્વિનભાઈ શાહ તા. ૨૮-૪-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગાંધીનગર : પ.ભ. જેશંગભાઈ મોતીભાઈ ચૌધરી તા. ૨૯-૪-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માધવગઢ (પ્રાંતીજ) : પ.ભ. કિરીટકુમાર તથા જયેશભાઈના માતુશ્રી પ.ભ. કાંતાબેન જસુભાઈ વૈશાખ સુદ-૧૧ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ભાઉપુરા (તા. કલોલ) : પ.ભ. કોઠારીશ્રી પરસોતમભાઈ કાળીદાસ પટેલ તા. ૭-૪-૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



રવાપર (કચ્છ) બહેનોના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે કથામૃત પાન કરતા પૂ.પી.પી.સ્વામી અને કથા શ્રવણ કરતા શ્રોતાગણ



ઝુલાસણ ગામે પારાયણ પ્રસંગે ઘનશ્યામ સ્વામી ઉપર પ્રસન્ન થઈ આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




મથુરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે હોમાત્મક મહાપૂજામાં યજમાન શ્રી રાકેશકુમાર હરિકૃષ્ણભાઈ ચર્તુવેદી અને શ્રી દિનેશભાઈ



લુણાવાડા નૂતન મંદિરનું ભૂમિ પૂજન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ્રાસંગિક સભામાં પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો.



કોલોનિયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જ્ઞાન સ્વામી પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટયોત્સવ કેક કાપીને ઉજવી રહ્યા છે.



પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રચારાર્થ અમેરિકા ધર્મ પ્રવાસે પધાર્યા ત્યારે ત્યાંના અનેક હરિભક્તો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃત્તિમાં સહભાગી થયા હતા

Registered under RNI - No - applied Followed by words " Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08



મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીના મૂળ જન્મસ્થળ ભાદરામાં બન્ને પ.પૂ.મહારાજશ્રીના સંકલ્પ-પ્રેરણા અને આશીર્વાદથી મંદિરનું પુનઃ ભવ્ય નિર્માણ થતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ.




ભાદરા આપણા મંદિરમાં યજ્ઞ વિધિમાં શ્રીફળ હોમતા શ્રી હરિના છઠ્ઠા અને સાતમા વંશજ.



ભાદરામાં પ્રાસંગિક સભામાં મુખ્ય યજમાન પ.ભ. લક્ષ્મણભાઈ રાઘવાણી (કચ્છ) શ્રી હરિના છઠ્ઠા અને સાતમા વંશજનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવતા.









ભાદરા મંદિરમાં હરિભક્તોની વિશાળ સભામાં શ્રી હરિના બન્ને અપર સ્વરૂપોએ જીવનું કલ્યાણ અને મોક્ષ થાય તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

Praful Kharsani